સંત વાણી

કવિ :- પાલુ મહારાજ

સંવત ૨૦૩૯ શુક્રવાર
મહા શિવરાત્રી ૧૧-૨-૮૩



પૂ. સંતશ્રી અબા પીરબાબા

ગુરૂ વિના મુકિત ન મળે
ગુરૂ વિના મળે ન ભેદ
ગુરૂ વિના સંશય ટળે નહિ
ભલે વાંચો ચારે વેદ
પાલુને પીર અબા મળ્યા આપ્યુ ગુરૂ જ્ઞાન
જ્ઞાને ગુરૂ ઓળખ્યા નીત કરે હરી ગુણગાન

ભગત શ્રી રાજગોર પુજારી પાલુ મહારાજ નો જન્મ સંવત ૧૯૯૮ સાલમાં ઓખા મંડળના વરવાળા ગામમાં થયો પિતાનું નામ શ્રી રાજગોર કરસન ઘેલા તથા માતાનું નામ સોનબાઇ. માતાના ગર્ભના સંસ્કાર પુત્રમાં આવે છે.

સંવત ૨૦૧૬ ની સાલમાં પિતાનો સ્વર્ગવાસ થતાં પાલુ મહારાજ પર કુમળી વયે સંસ્કારી વાવાઝોડું ઓચિંત આવ્યું. તે વંટોળિયામાં પ્રભુ કૃપા તથા માતાના સુસંસ્કાર અને પુર્વના પુણ્ય ને કારણે ઇશ્વર ભકિત અને સંતોનો સમાગમ ચાલુ જ હતો.

ભાગ્યોદય તથા ઇશ્વર કૃપાથી વરવાળા ગામમાં સંત અબા બાપુ પધાર્યા. ભગત પાલુ મહારાજ રોજ તેમની પાસે બેસવા લાગ્યા. પુર્વની ભકિત અધુરી હોય તો સંત સમાગમ મળે. સંતો સેવાના સગા છે નહી કે ધનના. સંત અબાબાપુ કચ્છ મુદ્રાના હતા. તેઓને ભજન ખુબજ પ્યારા લાગતા, પોતે પણ કાવ્યોના ભંડારી હતા. દિવસો જતા ભગત મહારાજ પર સત કૃપા થઇ, તેમના આશીર્વાદ થી પાલુ મહારાજ રામસાગર પર ભજન ગાતા શીખ્યા. ત્યારથી સંત અબાબાપુ પાલુ મહારાજને ભટરાજા કહેતા. ભટરાજા પર સંત અબાબાપુના ચાર હાથ હતા.

એક દિવસ સંત અબાબાપુએ પાલુ મહારાજને કહયું "હે ભટરાજા તમો બીજી બધી સંતવાણી બોલો છો તો અમારા ભજન કેમ ગાતા નથી ?" પાલુ મહારાજે પ્રત્યુતરમાં કહયું "તમારા ભજનો કોઇ ચોપડીમાં નથી તો કેમ ગાવા ?" આત્મા ભલે પાપી હોય પણ સંતોના પુણ્યોથી પોતે પણ સંત બની જાય છે અંધકારના પડદા સંતોના આશિર્વાદથી ખુલી જાય છે સત અબાબાપુએ આશિર્વાદ આપતા કહયું "આઇ અસાંજા ભજન ગિયો અને રામ બાવાના ભજન ગિયો" અસાં પીરજી દુવા અય અમે પીર છીએ તમે અમારા તથા રામના ભજનો

કરો અમારી દુવા છે તમે કવિ અને ભગત છો સંવત ૨૦૧૮ ની સાલમાં આસો સુદ એકમના દિવસે સવારે ૮-૦૦ વાગે અમૃત ચોઘડીઆમાં સંત અબાપીરે પાલુ મહારાજને આશિર્વાદ આપ્યા, તેમની પર શારદા દેવીની કૃપા થઇ, હૃદય પ્રેરણા થયાબાદ તેઓ કાવ્યો ભજનો તથા પદો બનાવી પ્રભુચરણે પ્રભુ પ્રીત્યર્થે રચવા માંડયા.

—: વિનંતી :—

હું સંતોને વિનંતી કરું છું કે હું કોઇ સંત નથી હું કવિ કે પિંગળ ભણેલો વિદ્વાન પણ નથી. મારા આત્માના ઉછરંગથી જે પદો પ્રભુ પ્રીત્યર્થે લખાયા છે તેમાં ભુલ હોયતો શબ્દો ફેરવી મારી આત્મવાણીને ટેકો આપશો. હું તમારો અભારી થઇશ.

સંતોની દયાનો પાર નથી તેમની દયાથી મારો આતમા ઉજળો થયો છે પ્રભુના ગુણગાન કરી મારો માનવફેરો સફળ કરવા માંગુ છું સંતો તારણહાર હોવાથી શ્રી હરિની હજુરમાં લઇ જશે.

—: આશા :—

જે પદો મારા આત્માના આનંદથી લખેલાછે તેજુની ઢબને લગતા છે મારા મનની મોજ આવી તે પ્રભુ આગળ રજુ કરી છે મને આશા છે કે સંતો અને ભકતો મારા ગુણગાનને ટેકો આપશે મારા તનમનથી આ ૧૦૮ પારા (પદ) ની માળા શિવરાત્રીના શુભદિને હું જુનાગઢમાં દતમહારાજ તથા ભકતોના ચરણોમાં સમર્પણ કરૂં છું.

પદ ૧

ગણુપતી રમતા આંગણીએ આવે આવી અમને જ્ઞાન બતાવે. ટેક.
અગર ધુપને આરતી, ગણેશને મન ભાવે
તનમનથી ગૌરી નંદ સમરે, વાણી જ્ઞાન ગાવે, ગણપતી...
ભોજનમાં તમને મેવા મીસરી, લાડુ અતી ઉમંગે ભાવે,
શ્રદ્ધા રાખી સુંઢાળાને સમરે. દુખ દારીદ્ર જાવે ગણપતી...
વાહનની તમોને જરુર પડે ત્યારે, ઉંદર કુદતા આવે,
ઉંદર ઉપર સવારી તમારી, બીજુ વાહન ન ફાવે, ગણપતી...
રિદ્ધીસિદ્ધી સંગમાં તમારે, નીત ચરણ પખાવે
પ્રથમ સૌથી પૂજા તમારી, આસન તમારૂ બીછાવે. ગણપતી...
સમરૂસદા ગુણનાપતિને, સંપતિ સદાએ આવે,
પૂજારી પાલુની વિનંતી, નીત ચરણરજ પાવે... ગણપતી...
સમરણ તમારા નીત લેવા સમરીયે હરદમ દેવ સુંઢાળા રે હોજી ટેક
માતા ઉમીયા પિતાશંકર, માતા ઉમીયા હાં હાં હાં (૨)
પૂત્ર ગજાનંદ જેવા સમરીયે
પ્રથમ સ્થાપૂ સ્થાપના તમારી (૨) કરૂ તમારી સેવા સમરીયે
ભોજન તમે પ્રીતે આરોગો, લાડુ લાપસી મેવા સમરીયે
અગર ધુપની આરતી ઉતારૂં, ૨ આવો વાસના લેવા સમરીયે
કહે પાલુ સંત ગુરુ પ્રતાપે, તમને નીત નમસ્કાર દેવા સમરીયે

પદ ૨

જીરે આપારે હે સતાધાર સોહામણું રે શોભાતેની વર્ણવી નવજાય આપારે
માનતાઓ આવે દેશો દેશની રે. ભાવના મન સૌની પૂરી થાય અપારે...
જીરે અપારે ત્યાં દેવળ ગીગા આપા તણું રે
સંતો તેના શું કરે છે વખાન અપારે....
હરી હરી માનવી હજાર તે હે અન્ન ધન જળની નહીં ત્યાં તાણ આપારે
જીરે આપારે રે ગાયૂં ને ભેંસુ દુજે ઘણીરે ઘમાકે દુધના દોણ ભરાય અ
દુધ સાકર ને ઘ્રથ ઘણુ રે પીરને પરસાદી ધરાય અપારે હે સતાધાર
જીરે આપારે આપાની ઉતરે સંધ્યા આરતી રે નમણું કરે નરને નાર.
હેજી નગરા વાગે ને વાગે નોવત ઘણીરે વાગે જાલરનો ઝંકાર અપારે.
જીરે આપારે છે રિદ્ધિસિદ્ધિનો આસરો રે જોય તેના મન અતી હરખાય.
સંત ગુરૂ ચરણે પાલૂ મહરાજ બોલ્યા રે ગુરુ ઓલીયાનો અવતારઆપારે

પદ ૩

એવૂં આપણું આ રે રે સાને માથે સીંગન હોય.
એવા કવેણ બોલનાર આ રે રે મોઢે પ્રભૂનું નામ ન હોય
સાચુ સ્થાપણું આ સંસારમાં મળ્યો મનુષ્ય દેહ અવતાર,
પ્રભૂને તેમાં ભજયા નહિ કવેણનો કીધો આહાર,
એવૂં ખોટું બોલીને ખાધું આ રે રે સાચું ન બોલે માનવી,
સાચુ આપણું નાવીકતણું રામને કીધા સીંધુ પાર
ઉતરાઇ અમને જોઇએ નહી ચરણામૃતનો આપો આહાર
એવૂં આપણું સાચવ્યૂં આ રે રે સલ્યાને તો અહલ્યા જોઇએવૂં
સાચું આપણું વણીકતણું પૂત્રનો કીધો સંહાર,
મસ્તક કાપી ખાડણીયામાં મૂક્યૂં કરોને સંત આહાર
એવૂ આપણું સાચવ્યૂં રે સતી હતી અબળા કોઇ,
સાચુ આપણું હરિશ્ચંદ્રતણું સતી તારામતી નાર.
રોહીત સહીત પોતે વેચાણા, સમજીને લેજો સાર.
એવૂં આપણું સાચવ્યૂ એ રે રે દક્ષીણા દીધી દૃધમાં ધોઇ
એવૂં આપણું
સાચું આપણું હનુમાનતણું બાંવીયાજ સમુદ્ર મોઝાર,
કવેણ થકી રાજા રાવણને માર્યા, દાસ વીભીષણને દીધો હાર,
એવૂં આપણું સાચવ્યૂ આ રે રે પાલૂં કહે પ્રભૂ

પદ ૪

મનોહરી હોય એવૂં.
રામસાગર વાગે ભારી ગુરૂજનો, રામસાગર વાગે ભારી રે હોહોહો જી
રામસાગરના રાગને જાણે લેશે ગુરૂજી તેને તારી રે ગુરૂજીનો
રામસાગરનો બોલ છે મીઠો, બોલે મધુરી વાણી રે હોહોહોજી
હરેવાણી મારા ગુરૂએ જાણી, વાણી લીધી પહેચાણી ગુરૂજીનો
રામસાગર તો રામનો વાગે તાલ વાગે છે ત્રિવેણી રે હોહોહોજી
મંજીરા તેમાં મનના વાગે, સંત મંડળ માંહી ગુરૂજીતો
રામસાગર આપ્યો રાજીયે બોલવા સંતોની વાણી રે હોહોહોજી
ગુરૂજીએ ગમથી આપ્યો આપ્યો છે દાસ જાણી ગુરૂજીનો
રામસાગર મારા ગુરૂજીએ આપ્યો, આપ્યો પાત્ર પીછાણીરે હેહેહેજી
હરે સાગરમાં તમે રામનામ લેજો ઓચરજો આતમ વાણી ગુરૂજીનો
રામ સાગરને રાગથી ગાયો, સંતોની બેઠક માંહી રે હોહોહોજી
વીપ્ર પાલુ સંત ગુરૂને ચરણે, સંતો લેજો ઉગારી
ગુરુજીનો રામસાગર વાગે ભારી

એવૂં સપનું અમને લાધ્યૂં અ રેરે જીવને જાવૂં ઉતરી પાર
એવી વસમી લાગે આરેરે. જીવે જોયા અવધુત ચાર ટેક..

સાખી

સપનું લાધ્યૂં સડક દીઠી સડકે ઘોડયો જાવૂં
ચારમાંથી એક પડયો આડો, જીવ હુતો તને ખાવૂં
અરે ઇતો વેળા લાગી વસમી આ રેરે.
શામળીઆ કયાં જઇ કરૂતાર
સપનું લાધ્યું સરોવર જોયૂં; જળ નોતું તેમાંય;
બીજે આવી કૂંડી બતાવી, પણ કૂપ નોતો ત્યાંય.
અરે જળ કૂંડીમાં કયાંથી આવ્યૂં અ રેરે
વીચારતા લાગે ઘણીવાર.
સપનું લાધ્યૂં લીધો સાર, જીવે જોઇ ઊંચીધાર
ત્રીજે આવી ઉપર ચડાવ્યો તેની ઊંચાઇનો નહીપાર
અરે ઇતો જોતાં ખીણ ઊંડી આરે ખીણની માહે વિશ્વ અપાર
સપનું લાધ્યૂં જોયૂં સીંદરૂ બાંધેલ વિશ્વની ડોર.
ચોથે આવી સીંદરે લટકાવ્યો ત્રણ ઊભા દ્વાર મોજાર
અરે ઇતો ભારે ડાળતુટી, આરેરે પડતાં જોયો સઘળો સંસાર
આ સપનું સંસારનું સમજે નર સૂજાણ
કહે પાલૂ સંતગુરુ પ્રતાપે સંતો નથી અજાણ
અરે ઇતો અજ્ઞાની આંટા મારે આરેરે જ્ઞાની કરશે તાણમતાણ
એવૂં સપનૂં અમને. ...

એવા દેવળ વાળા રણછોડ આરેરે. આપો અમને શૂભ મતી
એવા દ્વારકા ના વાસી આરેરે દુખ સર્વે નાખો કાપી ટેક.

મતી લેવા માનવી આવ્યો તમારે દવાર,
અનેક અવગુણ અમારા. તમારા ગુણ નો નથી પાર

એવા રંગીલા રણછોડ આરેરે ત્રીકમજી તો શોભે અતી એવા દેવળવાળા
દર્શન કરવા દેવળ તણાં ઘેળી આવ્યો હું આજ

બાર દેરવી તમે દર્શન દીધા, સૂધાર્યા સંતોના કાજ
એવા અદ્રશ્ય તમારા રૂપ આરેરે, સંગમાં શોભે રૂક્ષમણી સતી
એવા દેવળ વાળા

સંતોના તમે સંકટ કાપ્યા. દયા કરી રાજ ભકતો ને આપ્યા

સેવા કરી સુદામાતણી મીત્ર જાણી જેના કષ્ટ કાપ્યા
એવા સંકટ ના છો હરનાર આરેરે. સાંજ સવાર આરતી થતી

અરજી છે રણછોડ, અમતણી, સ્વીકારી લેજો શ્યામ
દેવળ દેખી વીપ્ર દુબળો આવ્યો એને આપ જો એનામ

આ છે વિપ્ર પાલુ ની વીનતી આરેરે, આપજો અમને અંત માં ગતી
એવા દેવળ વાળા.

પદ ૭

૧ સવાર માં ઉઠી ગોમતી માં નહાય

આ પંડ પવીત્ર કેમ કહેવાય ટેક.

૨ કર્મ કીધા અપાર મનવા, ધર્મ લેવાને જાય
મંદિરમાં રણછોડ જપે (૨) પછી ખોટું બોલી ખાય. આ પંડ પવીત્ર

૩ પંચ પાત્ર ત્રભાણું લઇ – શીવ પૂજવાને જાય
મનની માળા મનમાં ફરે, (૨) એમ શીવ નહી છેત્રાય. આ પંડ પવીત્ર

૪ હામી શેઠ હાલ્યો દુકાને, ચોપડે નામાં લેખા થાય,
ભોળે દિલે પ્રભૂ ભકતી કીધી, રૂપીયે પાવલી વ્યાજ લેવાય આ પંડ પવીત્ર

૫ સાર લેતો સમજે મનવા ફોગટ નો કાં ગાય
કહે પાલૂ સંત ગુરૂ પ્રતાપે (૨) ખાલી નાયેથી શું થાય આ પંડ પવીત્ર

પદ ૮

૧ કેમ ભૂલ્યો તુ ભાન . . મનવા

તારે બે આંખો બે . . કાન ટેક

૨ સંત સંગ માતું બેઠો છતાયે,, લીધા નહી બેનામ
કાન આપ્યા કંચન વર્ણા, તેથી ના લીધું જ્ઞાન – મનવા

૩ હરી કથા છે. આંગણાં સમે, તેનૂં કીધું અપમાન
તર ગાસ આપ્યા. ગામના ચોકે, તેમાં ચળે છે તાન મનવા

૪ પૈસાથી, તીરથ કીધાનહી કીધા નહી સ્નાન
ખોટી વાષના માં ખરચી ખુડયા–તેં ભજયા નહી ભગવાન મનવા

૫ કાને થી ગીતાજી સાંભળ, તેમાં લે જ્ઞાન
અંતર ની આંખે દર્શન કરીલે, છેટો નથી ભગવાન મનવા

૬ સમજે મનવા, સ્વારથ તારો,, ના સમજે અજ્ઞાન
કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે, એવી ગુરૂએ બતાવી મૂને સાંન

મનવા કેમ ભુલ્યો તું ભાન

હંસ ગયો હસી મારો, હંસ ગયો હસી,

આ કાયા શહેરમાં મોજ માણી, મારો હંસ ગયો હસી ટેક

કાયા કહે મેં સંવેપ રાખ્યો ખબર આવી ન હતી,

નગરી માં તેં ખાધું પીધું, પછી શહેર નાખ્યૂં ધસી. કાયા શહેરમાં

હંસ કહે મેં તો હામ ન રાખી ખબર એયને હતી

નગરીને મેં તો નાચ નચાવી પછી શહેરને નાખ્યૂં ધસી કાયા શહેરમ

કાયા કહે હુ તો ખાખખની અંતે ધુળહુ હતી

નગરીમાં મેં માયા ન રાખી શહેર બીજુ જાશે વસી કાયા શહેરમાં

આ નગરીમાં ભજન કરીલે શહેર મળશે સતી

કહે પાલૂ સંત ગુરૂ પ્રતાપે, કાયા અંતે દોરાની હસી

કાયા શરહેમાં મોજમાણી મારો હંસ ગયો હસી

પદ ૨૦

નાથ મને રાખો ચરણોની પાસ।
પછી મને કોઈની નયહોય આશ।
અયાહું હું ચાલું એકલો

છે કાકા કુટુંબને મોસાળ
બિન સગાનો નહિં પાર
એમાં ભાગીયો મળે નય આર
અયાં હું ચાલું એકલો

એ છે ભાઈબંધને બિન ભાઈ
સ્નેહી રોજ નવા નવા થાય
આમા ઘણા દુશ્મનને ઘણા મય
અયા હું હુતો એકલો

હે છે સાધુ સંતોનો સાથ
માથે પિરફકીરનો હાથ
મળીમાશે દ્વારિકાનો નાથ
અયા હું 'પ્રિય ચાલુ' એકલો
નાથ મને રાખો ચરણોની પાસ..

માયલો મરેલ જેણો પ્રભૂ સાથે પ્રીત કરેલ
એવારે જ્ઞાની જેનો માયલો મરેલ

સેડરે રાગાળશાપ વીપત્તી પડી ત્યારે
માથે મંડણા મેઘને જાળી
સત્યને વરેલ જેનું મન છે મરેલ
સંતને દુઃખે એતો વચને – એવરે

જુગટે રમતાં પાંડવો દ્રૂપદી હાર્યા
દુષ્ટ દુઃશાસને તન સતીમરે

ચીરરે પકડીને સભામાં ખેંચવામે લાગ્યાં
ત્યારે કૃષ્ણે તૂરત કૃપાર કારલ – એવરે

નરશી ભગતે જેહી પ્રભૂને સંભાર્યા'તા
જુનારે ગઢમાં રામ મંડળ રમલે

પ્રભૂ પ્રીતે જેણે પંઠ રમ્યા તાને
મશાલ જલતાં જેનો હાથ છે બળલે એવારે

આત્માને ઓળખ્યા તેની રહી ગઇ એંધાણીયૂં
પીધારે પ્યાલ જેણે જરેલ જરેલ

ગુરુને પ્રતાપે પાલૂ મહારાજ બોલ્યા
જ્ઞાન પ્યાલો ભરપૂર છે ભરેવ

જ્ઞાની જેનો માયલો મરેલ

હંસા તેંતો ખૂબ કીધી કમાણી રે
કમાણી કામ તુને ન આવી રે
આજ સૂતા બંદા સોડ તાણી રે
જંખવાણી તારી ઝુંપડી રે
કાકાને કૂંટુંબી તારા
ભાઈને ભત્રીજા હંસા
પૂત્ર તને પૂછે છે દાળી દાળી રે – જંખવાણી
મનનીરે મનમાં રહી ગઈ
હામ તુને હૈયે હંસા
ખુબરે કરવાના ખેતર મારે વાળીરે – જંખવાણી
જોષીરે ને લાવ્યા તારા જોષરે જોવાને હંસા
પનોતીએ લીધો ભાઇ તને પાડીરે – જંખવાણી
આંખડી લઈ તારા આકીદા રાખ્યા હંસા
ભુવે જોયા દાણા દાળી દાળીરે – જંખવાણી
લખેલ વીધીના લેખ તારા એવા હંસા
કોઇની ન લાગી એમાં કારીરે – જંખવાણી
પાલૂને ગુરૂ ભાવે ભેટયા સાનરે બતાવી હંસા
વીધીના લખ્યા કોણ લીએ વાળીરે–જંખવાણી

પદ ૧૩

આ તો કાયારે તૂટેલ ખાટલી

ઘડનારો કારીગર કોઈ રે. ટેક.

ખાટલીના ચારે પાયા છે રે જરાં રે,

ઈસ થકી ઉભી છે ઈતો સોઇ રે. આ કાયા

આ ખાટલીના વાણુને ઘણું જોખમ છે,

વાણુ ઈતો સીંદરાનું નવ હોઈ રે. આ કાયા

ખાટલીને સાચવી લેજો તમે ખંતથી રે,

તેના ઉચારા ઉપડી નવ જાય રે, આ કાયા

ખાટલીનુ વાણુ ભરજો તમે વીચારથી રે,

ભાત પાડજો તેની માંય રે. આ કાય

ખાટલીને ઓળખી ગુરૂએ મારે ગમથી રે,

કહે પાલૂ ભાંગી જશે પલ માંહીરે, આ કાયા

પદ ૧૪

એકાએક ઉભૂ રે, આ તો ઝાડવૂં રે,

શોભે ઈ તો વનની મોજાર રે. ટેક.

ઝાડને સાંજ રે સવારની સૂરીયુ,

ભય તો એના મનમાંથી નવજાય રે. એકાએક

ઝાડને લેજો રે આવે એની લેરમાં,

આવશે કૂહાળી કાપશે પલ માંહી રે. એકાએક

ઝાડને એજ રે વીચારે ફળ લાગ્યારે,

તેની સૂરતા ફળની માંહી રે. એકાએક

ઝાડના ફળરે તોડયા આવી માળીએ,

પાંદ તો ખરી ગયા તેનાં ત્યાંય રે. એકાએક

ઝાડને પાજોરે પાણી તમે પ્રેમના રે,

તો તેના મળ મજબૂત થાય રે. એકાએક

ઝાડને જોખમાતા ગુરૂએ ભાળીયૂ રે,

કહે પાલૂ એને કોણ પાણી પાયારે. એકાએક

પદ ૧૫

જગમાં રામનું નામ અમૂલ
તેના હોય મોંઘા મૂલ. ટેક.
રામથી વેર બાંધો મત મનવા,
ગુના કરોને કબુલ - જગમાં
રામથી વેર બાંધ્યો રાવણે,
અંત સમય થયો ડુલ - જગમાં;
રામથી પ્રીત રાખો મનવા,
અંત સંગમાં તું ઝુલ - જગમાં
રામના કામ કરોને મનવા,
હીસ્સો મળશે ફુલ - જગમાં.
કૂટુંબ કબીલો ભાઈ ભત્રીજા મનવા,
અંત સમે ધુલ કી ધુલ - જગમાં.
કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે
અંતે કાયા ખોટો પુલ - જગમાં.

પદ ૧૬

આ તો ઘંટી હાલે છે ઘનશ્યામની રે,
ભરડાઈ જશે સર્વે કોઈ - રે. ટેક.
ઘંટીમાં દાણો રે પડયો સંતો આજનો,
કાલે દાણો બીજો જશે, સોઈ રે - આ ઘંટી.
ઘંટીમાં કોઠીને કોઠાર ખાલી થયા,
આંણુને તો જાશે ઈ ખાઈ રે. - આ ઘંટી.
ઘંટીના પડ રે ફરે છે દોનું હોઘલા,
નથી તેમાં ખીલો નથી નાઈ રે. - આ ઘંટી.
ઘંટીમાં નથી રે પીલાણાં દાણાં કોક છે,
બેઠા ધ્યાનમાં ધુંન લગાઈ છે રે—આઘંટી.
ઘંટીને જોઈ ગુરૂએ મારે ગમથી,
કહે પાલૂ આ માં અંતે નહી રહે કોઈ રે.
આ ઘંટી હાલે છે ઘનશ્યામની રે

પદ ૧૭

ગુરુજી આવ્યા વરવાળે ગામ
અબા નામે સંત ઓળખાણા રે

ગુરૂજીના ગુણનો નથી પાર રે
મસ્તીમાં મનને માયાં રે-ટેક

ગુરૂજી સંતો આવે સાંભળી નામ
મનમાં આશા રાખી રે

દેખી સંતને આનંદ આવે અપાર
માગ્યા ફળ જેણે આપીયારે-ગુરૂજી

ગુરૂજી વાંઝીયાને આપ્યા પૂત્ર પરીવાર
પારણાં તમે બંધાવીયારે

ધન્ય ધન્ય તમારો અવતાર
દુઃખીયાના દુઃખતમે ટાળ્યારે-ગુરૂજી

ગુરૂજી કચ્છમાંથી આવ્યા તમે કીલતાર
નીશાન નીલા ફરકાવીયા રે

નમાણું કરે નરને નાર
માનવીને મન તમે ભાવ્યા રે-ગુરૂજી

ગુરૂજી મનના સંકટ મનમાંહી
ભુખારી મુખથી ઓચર્યા રે

પાલુ કહે પકડી ભલે મારીબાંય
ભજનના ગુણ તમે આપ્યારે-ગુરૂજી

ગુરૂજી દેજો સત્યનું ભાન તમે છે પુરુષ અવતારીરે
પકડયા સતગુરૂ જાણી મેં પાય
ભવસાગર પાર ઉતારો રે – ટેક
ગુરૂજી ભકતીમાં દેજો ભાંસ
મૂકતીનો મારગ બતાવજો રે
મોહના તો ઉપડે મોજા અપાર
સત્યમાં તમે સમાવજો રે – ગુરૂજી
ગુરૂજી છો સદગુણના ભંડાર
સત્ય અમને સમજાવજો રે – ગુરુજી
સત્યમાં એવો કયો છે સાર
સમજાવી પાર ઉતારજો રે – ગુરૂજી
ગુરૂજી સંસાર સાગર માંહી
બુડે છે બેડી અમારી રે
એક સાચો તમારો આધાર
બૂડતી બેડીને તમે તારો રે – ગુરુજી
ગુરુજી માયારૂપી છે આ જંગળ
તેમાંથી અમને છોડાવજો રે
દાસ જાણી ,સાંભળજો દીદાર
પાલુ કહે પાર ઉતારજો રે – ગુરૂજી

પ્રભુજી અરજી અમારી એક
સાંભળજો શ્યામ ગીરધારી

સદાર રાખો છો બાનાની તમે ટેક.
સાંભળતાં વાતો લાગે પ્યારીરે ટેક.

પ્રભુજી દુરગુણ અમારા અનેક
સદાએ રેવું સંસારીરે
કુકર્મોથી ભર્યાં અમો છેક
છુટવાની નથી બારીરે પ્રભુજી
પ્રભુજી નથી લીધા સાચે દીલે નામ

હું પણામાં ગયા બધુ હારીરે
ખુબ કમાણાં નામે તમારે દામ
હવે બેઠા મનમાં બધુ સારીરે. પ્રભુજી
નથી કીધા દાનને ધર્મ આશા કરીએ વીમાનનીરે

હવે મરે નહી મનનો મરમ વાતો કરીએ જ્ઞાનનીરે
પ્રભુજી નથી કીધાં મીજમાન બાંધ્યો પાપનો ભારોરે

કીધા નહીં સાચા હરી ગુણગાન
મોરારી મુખે દીધી ગાળોરે

પ્રભુજી સાંભળી કરજો હવે સહાય
છુટે આ જનમારોરે

પાલુ કહે પકડો પ્રભુ મારી બ્હાંય
નાથ નહીંતો નથી હવે આરોરે પ્રભુજી

પદ ૨૦

પ્રભૂજી કરમની કઠણાઇ કોને કહું મોરારી રે
બે ઘડી મળે નહીં વીશ્રામ ઘરની ઘો છે ભાદી રે–ટેક
પ્રભૂજી કજીયોને કંકાસ ઘડાવી છે કોદાળીરે
મારું મન તમારી પાસ પણ દુઃખ દાળી દાળી રે–કહું
પ્રભૂજી ભાવેથી ભજન કરવા દીએ નહીં માળી રે
બેસો તમે પારકા ઘરપાસ ઘરમાં છે આળી રે – કહું
પ્રભૂજી કરવૂં શું કહોને સદાય મળે રોજગારી રે
ખૂટે નહી પારકી પંચાત બજાવે લોકો તાળી રે – કહું
પ્રભૂજી પાળે છે પાવોતા સદાય ઉપડે વાઢ કાળી રે
ઈઝેર પીવૂં મનમાહીં કલેજું નાખ્યૂં બાળી રે – કહું
પ્રભુજી મોહમાયા ટાળો કામ ક્રોધ નહી તો આ અનાડી રે
થાય ત્યારે સાચોરે સતસંગ રંગ આવે ભાળી રે
પ્રભૂજી ગુરૂજી મળ્યો છે સાઈ જ્ઞાને દીધા ગાળી રે
પાલૂ કહે પકડી પ્રભૂએ મારી બાંય ત્યાંથી લાગી તાળી રે–કહું

પદ ૨૧

ગીરનાર સપને આવે ત્યાં બેઠી મંડળી ધુનમ આવે
અમને ગીરનાર સપને આવે
આછે મેળો માનવીનો ત્યાં વરણ અઢારે આવે
ભવેશ્વરના દર્શન કરીને દામો કુંળ પ્રેમથી નાવે
ભગત જનોના ભાવ જુદા છે જેવૂં જેને ફાવે
લઈ આશીશ અનપૂર્ણા દેવીની પૂરણ ભકતી પાવે–ગીર
છાંયા વેલાવડલાની ત્યાં યોગીયો આસન લગાવે
એવા યોગી કયારે મળે ભાગ્યરેખા પલટાવે – ગીર
શીવરાત્રીમાં સકલ પદારથ જમીયલ સાંજ્જટ કહાવે
દયા કરો તમે દત્ત ભગવાન ના ગુણગુણીજન ગાવે
નવનાથ ચોસીદ્ધ ચોયાંશી ગરવાને મનાવે
કહે પાલ સંત ગુરૂ પ્રતાપે આવાગમન મટી જાવે
અમને ગીરનાર સપને આવે

પદ ૨૨

પીર અબા તારા નામની બલીહારી
જાવું તમારા નામપર વારી વારી રે – ટેક
મુનરામાં તમે સૈયદ અવતર્યા વરવાળે અવતારી
સાચે દીલે સાંઈને સમરે ખોલી દીએ અંતર બારી
કળીયુગમાં કળા રચાવી મંખની મુંર ભારી
સૈદોને તમે સાન બતાવી કૂળને દીધું ઉજાળી–પી
વરવાળે તમે આવ્યા ત્યારે હતી દીલમાં મસ્તી ભારી
મનુષ્ય યોનીમાં જન્મ લીધો પણ રખે પુરૂષ અવતારી
બાલ જાણી બૂધ્ધી દીની તમારો પરચો ભારી
પરચા જોઈ પાસમાં આવે સાધુ સંત નરનારી–પી
સૈયદ ફકીરના સંકટ કાપ્યા સાધુંને લીધા સંભારી
રૂપીયાતો તેને રેકડા આપ્યા રહીગઈ સાહુકારી–પી
ઓખા મંડળમાં ઓલીયા કેવાણા સાચા સૈયદ બુખારી
પાલુને તમે કયારે મળ્યાતા લીધો શરણમાં સંભારી–પી
પીર અબા તારા નામની બલીહારી–પી.

પદ ૨૩

ભાઈતુતો અંતરનો અજ્ઞાન
બીજાને બતાવે ગરવા જ્ઞાન
જન્મ લઈ આ જગતમાં ચાલતો બેભાન
બાલપણું બે ભાને ખોયૂં સોળે ન આવી સાન
જોબનમાં વાલી જીવતી નહીં માત પીતાને માન
પીતા થઈ પૂજાવવા લાગ્યો નવ કીધા હરી ગુણગાન
બાલપણુને જોબન જાશે તું બુઢ્ઢો બનશે બાન
સતસંગમાં સમજ્યો નહીં રહયા છે સાન સંતાન
સંત બીજાને સમજાવે જયાં નથી પોતાનું ભાન
ઉપર ભીનો ભીતર કોરો આપ્યા નહી દાન માન
કેહે પાલુ સંત ગુરુ પ્રતાપે હે સત્ય શબ્દોને કાન
સેવીલે તૂં સંત શબ્દોને ટાળે અંતર અભીમાન
બતાવે બીજાને ગરવા જ્ઞાન

પદ ૨૪

ચીંતા મોટી ચોર જગતને ચીંતા મોટી ચોર

ચીંતા કેવી આગલી સાંજ સવાર બે પોર

ચીંતાને છેડે બાંધી જાણે હરાયૂં ઢોર-જગત

ભકતી કેવી ભાગ્ય શાળી ચીંતા સોધી દોર

જયાં ભકતીનું નામ સાંભળે બેડગ ભરે મોર-જગત

ચીંતા કહે હુ કેમ હટાવૂં નથી મારામાં જોર

ભકતી કહે તું ભાન ભુલી કોણ થાય તારી કોર -જગત

ચીંતા વીના કોઈ સંત વીરલા પ્રભૂ ભજન કરે આઠે પોર

ગુરૂ ગુણ ગાઈ ચીંતા જાયે કહે પાલૂ એક પોર-જગત

ભકતી લાગી ભાગ્ય કારી ચીંતાએ કાઢયો સોર-જગત

પદ ૨૫

ચાલૂ જમાનનો ખેલ તેને શીખવો બહુ મુશ્કેલ

ચાલૂ જમાનામાં ચાલતાં શીખ્યા

માને બચ્ચા બૂઢાના ખેલ

જુવાનીના જોરમાં ચાલે આમાં ચાલવૂં સ્હેલ

હાલ જમાનામાં બૂઢ્ઢા બોલશે ડંગ મજારીયાનો ખેલ

સાચાની સલાહ કોઇ ન માને ઉલટા પીલી કાઢે તેલ

બાબરી ઓળે ફરે સૂટીંગમા શીરમાં નાખે સૂંગધી તેલ

સગા ભાઈનૂં સારૂં ન ઈચ્છે માલ મફતનો મેલ

રાજય કોઈની રાવ સાંભળે નહીં

ઉલટી મારે ધકેલ

નીરદોષીયા મરે નકામાં દોષીનને ન આવે જેલ

જોયૂં તેવૂં લખ્યૂં આમાં નથી કોઇને શેલ

કહે પાલૂ પ્રતાપ ગુરૂનો ધોયો જમાનાનો મેલ

જોઈ લ્યોં ચાલૂ જમાનાનો ખેલ

પદ ૨૬

યૂગા યૂગ ભારત અવીચળ – નામ

જેણે બજાવ્યૂં પૂરણ કામ – ટેક.

ભારત ના વીર મહા બળવાનો યોધ્ધા રામ લક્ષ્મણ સમાન,
તાડીકા ને નાકે તુરત મારી ઉતાર્યૂં રાવણનૂં અભીમાન. યૂગાયૂગ

પાંચ પાંડવ સતીયા કહેવાણા, માતા ભારતના સંતાન
સો સો કૌરવોને જેણે હરાવ્યા, નજરે નવ જોઈ સ્મશાન યૂગાયૂગ

પંડીત જવાહીર સૂભાષ બાબૂ. પામ્યાં ગાંધીજી વીસરામ,
હથીઆર વીના હાથ લંબાવ્યા, શાંતિ પમાડી ઠામે ઠામ. યૂગાયૂગ

નીતી ભારતની અવીચળ રહેશે; સાંભળી સૂરા જવાન,
કહે પાલું સંત ગુરુ પ્રતાપે, પધારો ભારતમાંહી ભગવાન યુગાયૂગ

પદ ૨૭

સપનાનું સૂખ મનવા સાચું નવ હોય,

સપનામાં આ જીવ સૂંને શૂં જોય. ટેક.

સપનામાં આ જીવ મોજશોખ માણે

સપનાનું સૂખ મૂરખો વખાણે. સપના.

સપનામાં આ જીવ રાજ ગાદીએ બેસે,

સવારમાં ઊઠી એ વાતો કોને જઇ કેસે. સપના

સપનામાં આ જીવ શાલિગ્રામ પૂજે

નૈન ખુલે ત્યાં તો કાંઈ નવ સૂજે. સપના

સંસાર સપનું બહુ અતી મોટું,

સમજાય નહી એ અજાણે

આરે સપનામે જે કોઈ જાણે,

આત્મા તેનો મોજ માણે. સપના

કહે છે પાલૂ સંત ગુરૂને પ્રતાપે,

સપનાનું સૂખ સાચું ન મનાય. સપનાનૂં

પદ ૨૮

ખોજ રે અંતરમા, તુ તો ઓળખ આતમને,
આતમ ભેદ છે અતી ન્યારો રે. ટેક.
આતમથી રે તમે અવીનાશી ઓળખોને,
શીદને ભટકો છો તીરથ કાશી,
કાશી ગયાનો તમને કોડ છે ઘણોને,
લોકો કરશે તમારી હાંસી. ખોજ.
દર્શન કીધે જેના દીલ નહીં રાજી,
એવા શીદને બળે છે આ માં દાઝી
સંસાર અગ્નીમાં તો ઘણાં સલવાણાં,
બગડી જશે તમારી બાજી. ખોજ.
સારૂ ન કરો તો તમે બૂરૂ મા ઈચ્છો કોઈનું
વાસનાને મેલો વારી વારી રે
વાસના વંટોળીઆમાં ઘણાં રે ફસાણાં
છુટવાન નહી મળે બારી. ખોજ
ભજન વીના તમો ભવોભવ ભટકશો.
મનુષ્ય જન્મ જાશો હારી રે.
કહે છે પાલૂ સંત ગુરૂને પ્રતાપે,
જાણી લે જો જગત આમાં સારી રે. ખોજ.

પદ ૨૯

એવી લેરી છે જોગીની જમાત, આઠે પહોર આનંદમાં રે.
તજયો જેણે સૂખ રૂપી સંસાર, દિલ આપ્યા જેણે દાનમાં રે. ટેટ.
ભજનમાં રહે ભરપૂર, સદા રહે છે તેને આનંદમાં રે,
ન આવે તેને અભિમાન ઉર, સદાયે મન છે જેના માનમાં રે. એવી
જપે ઓહમ સોહમ કેરા જાપ, સદા દહે બ્રહ્મ આનંદમાં રે,
જાણે એ તો ઇશ્વર આપોઆપ, ચોળી છે ભભૂતી જેના અંગમાં રે.
વાંગે ત્યાં અનહદ ઝાંબારૂ નીસાન, રહે સાંભળી નાદ આનંદમાં રે,
સમજોને સંતો કેરી સાન, સદા રહો હરીગુણ ગાનમાં રે. એવી
શુંણે વાગે શંખો સંતોની પાસ રહે ઈશ્વર અતી આનંદમાં રે.,
કહે પાલૂ ગુરૂ ચરણનો દાસ સમજો ગુરૂજીની સાનમાં રે. એવી.

એવા નુગરાને જ્ઞાન નવ હોય આરે રે.

ભલે જ્ઞાની જેને પરમો છે. તેને સાચી સમજ ન આવે આરે રે

પુર્વના જેને સંસ્કાર નથી ટેક. એક સંતે નુગરા ને પરમોદયો

કાંધ જાલીને ફુંકયો કાંન સંત સભા માં તુરત બેસાડયો

તેને નથી સંતો ની ભાન સંતો સમજે નહિ સેવામાં આરે રે.

કહોને કઇ પેરે સેવા રે કરે એવા નુગરાને.

અખંડ ધુણી સંતોની ચાલે તેમાં આનંદ સુખ

એ વાતો નુગરો જાણેનહિ તેણે નાખી ધુણાંમાં થુંક

સત સંગ માંથી ગયો છે ઊઠી – એવા નુગરાને.

ધુણી ભ્રષ્ટ થતાં સંતોએ જોઇ મારી નુગરાને લાત

નુગરો સંતને જાણે નહિ તેણે ભરી સંતને સામે બાથ

એવા ગુરૂછે. કરમ ન.હીણાં આરે રે.

કહે પાલુ એવા શીશ્યો મળે એવા નુગરાનુ

જે આત્મા અનેક જન્મ થી નુગરો હોય છે.

તેને સંતો ભલેને ગુરુ બોધ આપે.

પરંતુ એ આત્માને બોધ લાગેજ નહી

પુર્વ માં જે આત્માએ પ્રભુ ભજન કયા

નથી તેને આ જન્મમાં પ્રભુ ભજન, ભકતી સતસંગ કદી મળત નથી

જીને રામકો નામ કદી ના લીયે અવસર તાકો બીત ગયો

વીપ્ર પાલુ કહે સુનો પ્રેમીજન તાકો ફોગટ ફેરો અહિ થયો.

પદ ૩૧

ગુરુ કૃપાત્રકે શીષ્ય લક્ષ્મણ ખડા ચૈતન્ય બ્રહ્મચારી
કાશી નિવાસી દ્વારકા મે આયે આંટો જાકા દર્શન કરત સંસારી ટેક.
દ્વારીકામેં આયે આટો મંદિરમેં લાયા સેવકો કો સાથમેં હારી.
ગોમતી કીનારે આ કર ખડા હૈ. શીરોમણી સંત પર ઉપકારી લ.
લક્ષ્મીનારાય જાને કી ઉસીને તુરત કી હૈ તૈયારી
નાવે વાલે નાવ લે કર આયે બૈઠે નાવમે નાવ લગી કીનારે. લ.
દર્શન કીયા લક્ષ્મીનારાયણકા ઉસીને લોટ આયે હૈ કીનારી
ગોમતામેં આ કર કૂદે સ્નાન કરે વારી વારી. લક્ષ્મણ
સ્નાન કરકે સ્તુતી કી ઉસીને ધજા દેખી કૃષ્ણ કી સારી
દાન દક્ષીણા દેને લગા વો પંડીતો કો કીનારી લક્ષ્મણ
ગુરૂ કૃપા તુંસને બડી પાઈ હૈ ધન્ય જનની
કહત પાલું સત્ય ગુરૂકે ચરનન ગુરૂકે ચરનન બલીહારી. ગુરૂ.

પદ ૩૨

દરજી જાતીમાં જન્મ લીધો ફૂલીબાઇ શબરી જેવા હતા ભકતાણી
કડુ વચન કદિ બોલે નહી એ મુંખે બોલે રામ રામ વાણી ફૂ.
હોય નહોય તો દુઃખન ભાંખે મનથી મોજ લે માણી
રોજ મંદિરમાં હાજરી આપે ભકતો નામે એ ગવાણી ફૂ.
પતી સેવામાં પુરણ પ્રેમી નામે ફૂલીબાઈ કહેવાણી
સારાકૂટુંબની સેવા કરતી સ્વભાવની બહુ શાણી. ફૂ.
પતીને સ્વર્ગવાસ પેલા ચલાવી કરી દીધા કીયા પાણી
બ્રહ્મ ભોજન પાછળ ભજનો કીધા પછી બોલતી રામરામ વાણી
પૂ.નો પૂણ્યશાળી જીવ એતે ભાગ્ય લઈ ગયા તાણી
સારા ગામમાં સુવાસ ફેલાવી હદ્દયથી રામને લીધા જાણી ફૂ
ગયૂ જીવનને ગયૂં મન મોતી મારી સૂરતા તેથી બંધાણી
વિપ્ર પાલુંએ આપી શ્રદ્ધાંજલી તેની કીર્તિ અમર બંધાણી ફુ
સંવત બે હજાર પચીસમાં જેઠ સૂદ અગ્યારસને મંગળવાર
ફૂલીબાઈ સ્વર્ગવાસી થયા ગયા સ્વર્ગપૂરી મેઝાર શબરી જેવા ભકતાણી

પદ ૩૩

કરીલે સંતની સેવા મનવા

કરીલે સંતની સેવા. ટેક.

તરવાનો એ ઉપાય ઉતમ છે, નહી તો એવાને એવા. મનવા.

નમ્રતાથી તો નમવૂં જેને દાન માન કાંઈ દેવા. મનવા.

અખંડ આનદી સંતો પાસે, જઈ આશીર્વાદ લેવા. મનવા.

સત્ય માર્ગ જે સંત બતાવે, તેના કઠોર વચન સહેવા. મનવા.

શબ્દો સંતના સદા સાંભળવા, તને સામા શબ્દો નહી કેવા. મનવા.

કહે પાલૂ સંત ગુરૂ પ્રતાપે, અમને મળ્યા સંત ગોવીંદ જેવા. મનવા.

સંત મળ્યા પરમાર્થી બતાવ્યૂં શબ્દજ્ઞાન

એવા સંત સદા મળો જેને માન નહી અપમાન.

પદ ૩૪

જાવૂં દ્વારકા ધામ, મનની પૂરી થાય હામ મંદિરમાં જાવૂં દ્વરકા ધામ

ગોમતી માતાજીના ઘાટ પાસે રણછોડ રાયનું ધામ,

પ્રેમથી જઇને દર્શન કરીએ, બેસે નહી તેમાં દામ મંદિરમાં.

આરતી ત્યાં તો થાય આનંદે, સન્મુખ બેઠા છે શ્યામ

પ્રેમી ભકતો ભેળા બેસીને લે છે હરીનું નામ. મંદિરમાં

નામ પ્રભુનું અતી ઉતમ છે, હૈયેથી તજો તમે કામ

કામી નરતો કાયમ રોગી રોગ શરીરે તેને જામ. મંદિરમાં.

મન તો મારૂં મંદિર માંહી, રોજ ભજનમાં મૂકામ

નોકરી કરવી નાથની પાલુ રાખી હૈયામાં ઘણી હામ. મંદિરમાં

પદ ૩૫

જીવતુ શીદને હેરાન થાય, તારો અવસર એળે જાય ટેક.

જન્મ લઈ તું આ જગતમાં શીદને ખોટી કમાણી ખાય જી.

સમજે તારા સ્વાર્થમાં અને ગાણું તારું તું ગાય. જીવ

માત પીતાનું માન ન રાખે તારો હીરો હાથે ખોવાય. જીવ

માતા પીતા સંત ગુરૂ જનોની સેવા કરોને સદાય. જીવ.

કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે નીર ગંગામાં તૂં નાય.

તારો જનમ સૂધરી જાય. જીવ.

પદ ૩૬

પહાડો માઢાલા પીર, આરતી થાય ગંભીર,
પ્રગટ્યા ગીરમાં રે, ભઈ પહાડમાં ગીગેવ પીર. ટેક.
સેવા કરી સંતોની એ દિલ થી નહી દિલગીર,
તન મન ધન જેણે અર્પણ કીધા; મસ્ત બની ફકીર, પહાડો
ગુરૂદાનાને અર્પણ કીધાં, આપાં ગીગાએ શરીર.
ગાયો ચારી ગીરમાં એવી, પગે મોજડી નહી મલીર. પહાડો.
ગુરૂએ માર્યું આપાગીગાને એવું જ્ઞાની તીર,
તીર લાગ્યું ત્રીકુટીમાં, તેને પલમાં બનાવ્યા પીર. પહાડો.
સતથી જેણે સતાધર સ્થાપ્યું, મનમાં નહીં અધીર,
પ્યાલો ત્યાં તેણે પૂરણ કીધો, થઇ બેઠા અમીર. પહાડો.
ધજા ફરહાવી ધરમની ને ભાતભાતના ચીર,
આરતી ઉતરે અતી આનંદે, ત્યાં સૌ નમાવે શીર. પહાડો.
શામજી ભગત તો સેવા કરે, જેની સાગર જેવી ધીર,
કહે પાલૂ પ્રતાપ ગુરૂનો ત્યાં વહે પ્રેમના નીર.

પદ ૩૭

પ્રગટ્યા પ્રજાપતીમાં શ્રી બાઈના શરીર,
ઈશ્વરે કૃપા એવી કીધી, મન બનાવ્યૂં ફકીર પ્રગ.
એકાંતે બેસી આરાધતા સીતારામ રઘુવીર,
બીલાડી બેસી બાજુમાં, રાખી હૈયામાં ઘણીધીર. પ્રગ.
બીલાડીને મન ચીંતા ઉપજી દિલમાં થઈ અધીર,
નીંભાળો ખડકે પ્રજાપતિ, તેમાં બચ્ચા છે મારા વીર. પ્રગ.
બેસ બીલાડી રાખ ધારણાં, બચ્ચા ઉગારે રઘુંવીર,
નહીં તો તેને કોન સંભાળે, સાધુ સંત ફકીર. પ્રગ.
બીલાડીએ મન ધીરજ રાખી બેસી ભજન સાંભળે સ્થીર,
ભજનમાં કે ભરોસો જેને, તેને ઉગારે રઘુંવીર પ્રગ.
મંદિર તેનૂં અતિ સૂંદર છે, આવ્યૂં તે મંધ ગીર,
ગામ તલાલ હીરણ નદી, ત્યાં સૌ નમાવે શીર. પ્રગ.
કહે પાંલૂ સંતગુરૂ પ્રતાપે, અંતર રાખો અમીર,
નાવ કાગળીનુ છે સમુદ્રમાં, પાર ઉતારે રઘુંવીર પ્રગ.

પદ ૩૮

આનંદ ઘડી આજે આનંદ ઘડી,

આશાપુરા રે પધાર્યા આજે આનંદ ઘડી. ટેક.

ધામધુમથી રે માના કીધારે સાથીયા ને

વરવાળેથી આવી માતું વળી ઢોલ તો તમારા માતા ધુસકે રે વાગે

ચોફેરી મંડળી ખડી. આશાપુરા.

ગોઠી તમારા મનગમતા રે આવ્યાને ભેળા ભુવા રે આવ્યા મા ભળી

અબીલ ગુલાલ માતા ઉડાવે આનંદે સાથે શરણાઇ વાગે વળી આ.

રાસની હારે માતા રમતા રે આવ્યાને કુંવારકાને શીરે ચડી. આ.

નાયણી બાળ તમને નમી નમી ચાલે હવન હોમમાં અમને ખબર પડી.

પ્રતીષ્ઠા કરીને સ્થાપન રે કીધા નવરંગ ચુંદીડીમાં ચળી. આ.

કહે છે પાલુ મા પ્રતાપ તમારોને મંદિરે આવી મેં તો આરતી કરી.

સંવત ૨૦૨૫ વૈશાખ વદ ચૌદસને ગુરુવાર

શીવરાજ પુરમાં સ્થાપન થયા મા અશાપુરનો અવતાર.

પદ ૩૯

લીધુ તમારુ નામ થઇ ગઇ મનની પુરી હામ,

સંસાર મારો સધળ થયો પ્રભુલીધુ તમારૂ નામ

મરણ મનમાં તમારું પ્રભુ આવે નહી આમને આમ

હોય પુણ્ય પુર્વના તો સાંભરે અમને શ્યામ.

માયા તમારી અતી મોટી હામ ઠામને ઠામ,

માયાથી મન અળગુ રહે તો જરામનને મળે વિશ્રામ.

માયા જાળમાં બહુ મોટી આવી ગયા તમામ

માયાજાળ બહુ મોટી મુની મોહ્યા તે તો તમારા પ્રભુ કામ.

નામથી માયા ભાગે આથી આઠે પોર આરામ

કહે પાલુ સંત ગુરુ પ્રતાપે સમરો સુંદર શ્યામ સંસાર

પદ ૪૦

કહે વિષ્ણુ લક્ષ્મીને મને ભક્તો વાલા લાગે

ભક્તોની ભીડ ભાંગુ નહીતો કોની આગળ માગે

મારો ભક્ત મન મારામાં રાખે મારા ભજનમાં જાગે

તારો ભક્ત સુંવે સેજમાં વેલો ઊઠીને ભાગે.

મારો ભક્ત જોઇ દુઃખીઆને જાય તેની આગે

તારો ભક્ત દુઃખીઆને દુભાવે દુઃખને એતો તાગે.

મારો ભક્ત મનનો ભોળો આશીર્વાદ એ માગે

તારો ભક્ત તને માગે ત્યારે ભોઠપ મને લાગે

મારો ભક્ત મનનો લેરી તારો ભક્ત તને તાગે

કહે પાલુ પ્રભુ માયા તમારી રાખો તમારી આગે મને.

પદ ૪૧

ભવેશ્વરમાં જા તું મન સંતોમાં અટવાતૂં

સંતનો સમાગમ કરવા મન ભવેશ્વરમાં જાતું

ગીરનાર છે એક જ્ઞાની ભુમી ત્યાંપાપી પલટી જા નું

પાપી હોય ભલે પુર્વનો સંતોને સેવા તુ. મન

પાપી હ્રદય પલટી જાય સંતોમાં સલવા તૂં

કંચન જેવું થાય કદાપી પારસમણી એ પરખાતું

જ્ઞાનધારા વહે ત્યાં એવી સાબુ નથી લેવાતું

મેલ મનનો ધોઇ નાખે જઇ જ્ઞાન ગંગામાં ના

ભવનો ફેરો છુટવા માટે ભવેશ્વર કહેવાતું

કહે પાલુ સંતગુરૂ પ્રતાપે અજ્ઞાન મન અટકાતૂં મન.

પદ ૪૨

માન સંતોની વાતું જઇને જ્ઞાન ગંગામાં ના તું

મન અપરાધી જીવ ડા તું માન સંતોની વાતું

સંતના શબ્દો રાખ હૃદયમાં ખોરકમાં ગમ ખા તું

ગમ ખાશો તો જ્ઞાન મળશે એમ વાણીમાં ગવા તું

સંતોમાં બેસી શરમ તજી દે તેમાં રે મદમા તું

સંસાર સાગર તરવૂં હોય તો સંતસંગાથી થાતું

સંતો મનના નિર્મળ એવા ગંગાપૂરા કહેવા તું

વચન ગંગાને જ્ઞાનગંગા તેમાં હ્રદય પીગારી જાતૂ

નવ નાથને સિધ્ધ ચેર્યાસી, ગરવામાં મળવા જાતું

કહે પાલૂ સંત ગુરુ પ્રતાપે જ્ઞાન ત્યાં વેરાતું

મન અપરાધી જીવડાતું

પદ ૪૩

ખોલ રામનું ખાતું તેમાં કેટલૂં ભર્યૂં તે ભાતું

આવ સંસારી શેઠીઆ, ખોલ રામનૂં ખાતું

રામનામ કદી મેં ન લીધું મારૂં તેમાં મન મુંઝાતું

વિષયવાસના બહુ ગમતી તેમાં લે તો હું એકાંતું

રંકને જોઈ હાલું છેટો મન તેમાં હરખાતું

પૂણ્યશાળી પાસે ન બેસૂં તો યે શેઠશેઠ કહેવાતું

પુર્વ કમાણી ખુબવાપરી મોજમાં મન મલકાત

ખબર નોતી કે ખાતું જોવાશે જાણ્યૂં છે ફોગટની વાતું

મનુષ્ય જન્મ નહી મળે પાછો સતસંગમાં હવે જાતૃં

કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે

હેતે હરિ ભજન હવે ગા ત.

પદ ૪૪

વેદ કરે છે વાતુ તમે પુર્વનું કરો ભાતુ
સમજો સાન સંતોની રે આતો વેદ કરે છે વાતુ
છોડી દે છળ કપટ મનતું સતસંગમાં હવે જા તું
સતસંગ રસ્તો સત્યનો છે એમ સંતોને મુખે કહેવાતું
દીધું હોયતો દાન કરીલે નહિતો હરી ભજન હવે ગાતું
આંટી અંતરની મેલ મનવા સત્ય નથી સમજાતું
દુઃખ ટળે તો ટાળ રંકના, દુઃખી સંગે થા તું
દુઃખ વિના સુખનથી મળવાનું દુઃખ સાગરમા ના તૂ
નિતીને મનવા લે અપનાવી અનિતીથી આઘો થાતું
કહે પાલુ સંત ગુરુ પ્રતાપે ખોલ રામનું ખાતું આં વેદ.

પદ ૪૫

હેજી તમે ધીરજ રાખી ચાલજો રે. તમને ધીરજ નાફળ મળશે.
ધીરજના ફળ મળશે. કાયરે સઘળાસૂધરશે ટેક.
ધીરજ રાખી તમે ચાલો જગતમાં હીરલા વીરલા મળશે.
હીરલા ને તમે હૃદય થી જાણોતો. વીરલા કોક કરશે તમે ધી.
હીરલા ને કોઇ વીરલા જાણે કાર્ય સઘળા તેના સરસે.
મન માયા થી દુર રાખે એ માયલો આતમ ભરસે તમે.
ધીરજના તુ કરીલે ઢગલા નામ ઓળખે ચળસે
કહે પાલૂ સંતો ગુરૂ પ્રતાપે ક્યારેક હેતે હરી મળશે તમે ધી.

પદ ૪૬

જયાં રે દેખુ ત્યાં તો રામ તારી માયા રે
અલખ નીરંજન મેરી નજર મેં આયા. ટેક

ચીત્રકૂટ કે ઘાટ પર સંતોને મેલા લગાયા
તુલસીદાસ ચંદન ઘસે ત્યાં રામને તીલક લગાયા અલખ.

ભીલ શબરીની ભકિત જોઈ રામ ને લક્ષ્મણ આયા
એંઠા બોર શબરીની ખાધા, પ્રેમસે ભોજન પાયા. અલખ

દેખી ચતુરાઇ ગ્રહુરાજાની જાનકી મન મુસ્કાયા
ચરણ ધોઈને ચણાંમ્રત લઈ નાવ કીનારે લગાયા. અલખ.

ગુરૂ ચરણમેં શીષનમયા, ગુરૂને જ્ઞાન બતાયા
કહે પાલૂ સંત ગુરૂપ્રતાપે, દિલસે દર્શન પાયા. અલખ.

પદ ૪૭

કિધા ઉતમ કામ રાખ્યા ગૌતમ નગરમાં નામ
બ્રહ્મચારીજી એ કિધા ઉતમ કામજી. ટેક.

કલીયૂગમાં કામ કિધા સત્યયૂગ સમાન
બ્યાશી યજ્ઞ કીધો એવો તેણો નહી ગાઠે દામ. બ્રહ્મ.

નાની વયમાં નામ રાખ્યા ત જયા ઘર ધંધાને ધામ
ગુરુકૃપાત્રજીને ચરણે સીધ્યા લક્ષ્મણ ચૈતન્ય નામ બ્રહ્મ.

લક્ષ ચંડીયજ્ઞ આદર્યો રાખી દિલમાં ઘણી હામ
કાશી ક્ષેત્રે વિદ્યા ભણ્યાં રાખ્યાં સીહોરમાં મુકામ. બ્રહ્મ.

સાધું બ્રમને તેળાવ્યા તેણે સમર્યા સીતારામ
માનવીયોની મેદની ભરાણી કીળીયારા સમ જામ. બ્રહ્મ.

દુનીયાના છેળા જેણે ભેરા કીધા એ તો સંતનહી પણ શ્યામ
કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે જેણે અમર રાખ્યા નામ બ્રહ્મ.

મેળોરે ભરાણો સંતો આ કુંભનો સંતો મળ્યારે અપાર રે હો.
મોટા મહીમાં ભોળા નાથનો માતા હર સીધ્ધિ કહેવાય રે.
ઊજ્જૈન નગરી રામ વીરની સીપરા નદીના સ્નાન રે હા ટેક.
દ્વારકાથી રે સંગ હવે ચાલ્યો રે. પહોણ્યો ડાકોરની માંહીરે. હો
દર્શન કર્યા દ્વારકા નાથ નારે કર્યું ગોમતી સ્નાન રે. હો.
ડાકોર થીરે સંગ હવે ચાલ્યો રે હવે સંગ ઉજ્જૈનમાં જાયરે હો.
સ્મરણુ કરે સીતા રામનું રે. આનંદ ઉરન સમાય રે. મેળો.
ઊજ્જૈન નગરી લાગે સોહામણી રે. માહીમાં વરણવ્યો નવજાયરે
મોટા માહીમાં મહાકાલેશ્વર નો રુષીમુની સંતો ને મુખે ગવાયરે હો
ત્યાં સાહી સ્નાન નાગા સંતો કરે શીપરા નદીનો માહીમાય રે.
અઢારે વર્ણ તેના દર્શન કરે પંડના પ્રાયચીત જાયરે હા.
અનોખી સુરત મુરત અનોખીરે ધન્ય તો બ્રહ્માજી ને કહેવાયરે.
વિશ્નુએ તેનો સ્વીકાર કર્યો મૃત્ય જય મહાદેવની બોલાયરે.
ઉજ્જૈન ભુમીલાગે રળીયામણી શોભે મંદિરો ને વનરાયરે
ધજાઓ ફરકે ભાત ભાતની રે ધર્મનો મહિમા સંતો ગાય રે
બાર બાર વર્ષ ભેખ ભેરા મળે કરે એક માસનો સતસંગ રે
સંતથી રે દત તેને ઢુકળા રે કોંણુ કરે ભજનમાં તેને ભંગરે
દેશી વિદેશી ત્યાં આતમા મળે પ્રતાપ ભોળાનો કહેવાય રે
પુર્વના પુણ્યે આવ મેળા મળે પુર્વના મળેલાજીવ મળીજાય રે
ઉંજ્જૈન હરદ્વાર મેળો કુંભનો ત્રીજો મેળો નાસીકમાં ભરાય રે
ચોથો રે મેળો તીર્થ પ્રાગરાજમાં સંતોગંગાયમુનાસરસ્વતી માંનય
મેળો ગાયરે શીખે ને સાંભળે તેના પંડના પાપો જાય
ગુરુને પ્રતાપે પાલુ મહારાજ બોલ્યા ધન્ય મારા ગુરુજીને કહેવાય

પદ ૪૯

ઉતરા ખંડથી યોગી પધાર્યા આવ્યા દ્વારકા પુરી માંહી રે
યજમાન જેનો જાદવોને માતા ગાયત્રી મા પધાર્યા દ્વારકા પુરી માંહી
દ્વારકામાં આવીને યજ્ઞા આદર્યો કોરી ગાયત્રી કહેવાય રે હેહેજી
ત્રણસો બ્રહ્મણો જપમાં બેસાડયા આચાર્ય અલખ કહેવાય પધાર્ય
ભલેશ્વરના પવિત્ર મેદાનમાં યજ્ઞ મંડળ ખોળાય રે હેહેજી
ધર્મની જેણે ધજા ફરકાવી ર એ કર્મ યોગીના કહેવાય ઓમ શાંતી
પહેલા મુહુર્તમાં ધજા ચડાવી બાવન ગજની કહેવાય રે હેજી
બ્રાહ્મણોને બ્રહ્મ ભોજન આપ્યા બાળ યોગીની જય બોલાય રે હેજી
સવંત બેહજાર ત્રેસીના માગશર માસ કહેવાયરે હેહેજી
ભાત ભાતના આપ્યાં ભોજન જગમાં યશ ગવાય રે.
કહે પાલુ સંત ગુરૂ પ્રતાપે આવા યોગી. મળજો સદાય ॐ શાંતી

પદ ૫૦

ભણકાર વાગે ભકતોના ભણકારા વાગે
જયાં જોવો ત્યાં ભકતીના ભણકાર વાગે ટેક.
રબારી જાતિમાં મૂળા ભકત કહેવાણી
સાધું સંતની એ આશીશ માગે જયાં.
રચના મંડપની તજીવો મુંળ ભકત ની
શ્યામ રે વિના બીજે કોણરે તાગે જયાં
ધજા ધર્મની ફરકાવવા જેયે અવતારો લીધા
ભકત માળામાં ભકતો આગે ને આગે જયાં
ગામ બેડમાં સ્થાપના મંડપની કરી
રામચંદ્રની જયોતિ અખંડ જાગે
અની પૂર્ણા દેવીએ આવી આસન ઢળયાં
વિષ્ણું લક્ષ્મી ગણપતી સદાય જાગે.
મંડપને માંડવાની શોભા ન્યારી ન્યારી
ચહારી વરણની એકતા અનેરી લાગે જયાં.
ભકત રાજોને રતનો રામચંદ્રજીને વિનવે
તમારી માયા પ્રભૂ અમને અનોખા લાગે
ભકત પાલૂં વિનંતી કરે છે વિષ્ણું ને
યજ્ઞ મંડપમાં આવી આશીશ માગે જયાં.
જીવો ત્યાં ભક્તોના ભણકાર વાગે.

પદ ૫૧

તારો જન્મ સફળ થઇ જાશે મનવા ગુણ હરીના જો ગાશે ટેક.
હરીવીના બીજુ કોઇ નાહી તારે હરી તારે ને હરી મારે
માટે કહું છે મન હરીગુણ ગાઇલે નાહી તો હીરો હાથે ખોવાશે.
જન્મ જન્મની કમાઇ કરી લે સત્ય કમાઇ ને પેર ભરી લે
પાપથી ડરી ને સત્ય જો ચાલે તો યુગયુગ યશ ગવાશે. તારો.
માન કરી મનુષ્ય દેહ માગ્યો છે સંસાર સાગર માહી તું પડયો છે.
કહે પાલુ સંતગુરૂ પ્રતાપે તારો જનમ સફળ થઇ જાશે. તારો.

પદ ૫૨

મારી જનેતાએ ભલે મને જન્મ દિધો ત્યારે દીઠોમેં આરે સંસાર
સંસાર જોતાને સમાજણું મને સપનું
સપનામાં કર્યો સંસારી વેવાર ટેક.
સંસારમાં જોતા સંત અનેક તર્યા
કર્યો જેણે ભજન નો વેપાર
એ તો ઉતાર્યા ભવ····પાર મારી માએ
કામી ને ક્રોધી લોભી ઘણા લાલચુ
કરી બેઠા ખોટા આમાં વેપાર
કરવાનુ હતું તે ઘણા ભુલી ગયા
થાય તેનો કયાથી રે ઉધ્ધાર મારી જનેતા.
ભૂલ્યા દાન રે દયા ને બીજી દિનતા
ભૂલી ગયા સેવાંને સતકાર
ભૂલ્યા ભજન જો જો ભગવાન નારે
એવાનર કેમ ઉતારે પાર····મારી જનેતા.
મેતો કર્યા રે તીરથ ચારેધામ કર્યા
કર્યો મેતો ભજનનો વેપાર
કહે પાલૂ ગુરૂ મે તો સંત કર્યા
દિધો મને નામનો આધાર મારી જનતાએ.

પદ ૫૩

અરજ કરુ અલબેલા સાચા એ છે શ્યામ
કયા મુકામે કાગળ લખીએ ઘણા તમારા નામ
અનેક નામ તમારા અનેક તમારા ગામ
કાગળ લખીએ કેમ કરી કયારે મળશો શ્યામ
ઠેકાણુ આપો તો લખી મેલીએ પત્ર એક બે ચાર
વગર ઠેકાણે વસમું લાગે ત્યાં પોચે નહી કોઇ તાર
અંતરજામી અંતરમાં બેઠા ગોતું બારોબાર
ઘણું સમજાવું છેલા મનને એતો ભુલે વારંવાર
પ્રભુ મળ્યા પાશમાં કાગળથી લખવાનું શું કામ
પાલુ કહે પ્રીતે કરી મને વહાલું લાગે તમારુ.

પદ ૫૪

આ તો માયા છે પારધીનો ફાંસલો નીકળ્યા સંત વીરલા કોઇ.
મગલો આવ્યો છે વનમાં ચરવાને આવ્યો એ તો સારા મીઠા ફળખા.
પારધીએ બાંધ્યો તેને ફાંસલો નહિ દે મગલાને જાવા. આ માયા.
પારધીએ મગને આવી ભડકાવ્યો આવી ઊભો ફાંસલા પાસ
કોમળ કાયા તેની ઝંપલાવી દીધી તુટી ગઇ મનની બધી આશ
માયા જોવે છે વાર મૃગની હજી સુધી મૃગ કેમ ન આવ્યો
કાંતો કામિનીએ એને કામણ કીધા કાંતો નકી તેને કોઇ એ ફસાવ્યા
માયા તેની ત્યાંને ત્યા પડી રહી મૃગ ગયો મોહજાળમાં જારી
કહે છે પાલુ બાલક દાસને માટે સમરી લે શ્રી હરી

પદ ૫૫

ગુરુ નામ અમર રહો ગુરુએ મીલા જ્ઞાન
ગુરુ ચરન મેં સદા રહો ગુરુ સે રખો ધ્યાન
ગુરુ મીલો પરમારથીં ગુરુ બતાવે શબ્દ જ્ઞાન
ગુરુ એસા સદા મળો જેને માન નહી અપમાન
કહાં કા ગુરુ કહાં મીલા કહાં ગુવાય સાકા નામ
કહી ભાવનાસે કહાં મીલ. કહા વરવાલા ગામ

પદ ૫૬

સર્વ દેવી શીતળા મા નું વારવાર ચરણે નમું હું
તારા ચરણની રજ ભારી હું, તારો સેવક મા બુધ્ધિ દે સાર
મા જગત પુજે છે તુજને તારી દયા મુજને
માતું જગતની રખવારી હું તારો સેવક મા બુધ્ધિ દે સારી
મા તારી કળા કોઇ ન જાણે રુપ કરૂપ કરતે ટાણે
તારી અકળ ગતી મા ત્યારી હું તારો સેવક મા બુધ્ધિ દે સારી
માતું જગતણ રખવાળી જગત તારી છે ફુલવાડી
માતારો ફુણી પાલુ પુજારી હું તારો સેવક મા બુધ્ધિ દે સારી

પદ ૫૭

સૃષ્ટીમાં શીતળ કરે કોઠી જેનું અંગ
સમરૂ દેવી શીતળા નીત કરું તમારો સંગ
પથ્થર ઉપર કોપ કરે પથ્થર રહે ના કામનો
ભારત જેવા યુધ્ધવીરો કરે ન કોઇ સામનો
ઝાડ પહાડને પશુ પંખી રખવાળો છે રામનો
માનવી એ પર કોપ કરે તે રહે ના બાર કે ગામનો
બાણ લાગે બળીફતણા થાય કોઠી અંગ
શીતળ કરે મા શીતળા તેનોવાન સીંદુરી રંગ
અઢારે વરણમાં આંખ ડે નહી કોઇની મરજાદ
શીતળાને તો સૌ ભજે કોઇ કરેન વીખવાદ
શીતળાને શરણે રહી દર્શને જે જાય છે
સહાયતા કરે મા શીતળા પુજારી પાલુ ગુણ ગાય છે.

પદ ૫૮

અગ્ની દેવની કીધી આરાધના પંડીતોએ મુખથી પોકારી
જવાલામુખી અગ્ની દેવ પ્રગટ્યા શરૂઆત યજ્ઞથી અતી સારી
ક્રોડ તેત્રીસની કીધી આરાધના આહુતી અપાય આનંદ હારી
જવતલ ગ્રંથ તેમાં હોમાવા લાગ્યા વૃષ્ટી કરે વારી વારી
પાંચ દિવસે કરી પુર્ણાહુતી મંગલ ગાય નર ને નારી
ધન્ય ધરા તો કે એ ગાગાની આવી નોતી કોઇ એ ધારી
સંપુર્ણ યજ્ઞ કીધો પંડીતો એ વેદ વચન થી પોકારી
દાન દક્ષિણા આપ્યા દિલથી સંતુષ્ટ થયા છે મોરારી
ભાત ભાતના આપ્યા ભોજન વાત પહોંચે નહી વીચારી
વિપ્ર પાલુ વિનંતી કરે વિષ્ણુને ગતી તમારી પ્રભુ ન્યારી

પદ ૫૯

ગામ ગાગામાં યજ્ઞ રચાણીને યજ્ઞ થયો અતી ભારી
સર્વ દેવતાઓને આપી આહુતીઓ વેદ ઉચ્ચારથી સારી ટેક.

રામચંદ્રજીના મંદિરમાં ત્યાં પુજા કરે છે પૂજારી
બેર કાશીના પંડયા તેડાવી યજ્ઞની કીધી છે તૈયારી ગામ.

ભજતો સો ભેળા કરીને સંત રામદાસે વાત ઉચ્ચારી
કરવાનૂં છે આમાં કામ તમારે કોણુ ઉઠાવે મુંનેવારી

સંભાળી વાતી સંતની સૌ એ સૌ ને લાગી તે પ્યારી
યજ્ઞ આવા જોવા કોણુ બાપૂ કોઇની ના લાગે આમાં કારી

વિષ્ણુ યજ્ઞની વાત સંભાળી બોલ્યો સેવક પાલો પોકારી
ઉપાધી બાપુ તમે ઉરે ન ધરશો ભલે વેચાય ભકિત મારી ગામ.

એટલૂં સાંભળી સંત રામદાસે મંડપની કરી છે તૈયારી
મુહર્ત પૂછાવી મંડવી બંધાયો કહે પાલુ મંડપની શોભા અતી ન્યારી

પદ ૬૦

મંડપ બંધાવીને મુહર્ત પૂછાવ્યૂં પંડીતો કરો યજ્ઞની તૈયારી
પંચાગ જોઇ વ્રદ્ધ પંડીત બોલ્યા ચૈત્ર સુદ એકમ છે તીથી સારી

સંવત બેહજાર તેત્રીસ ચૈત્રના દિન છે બહુ બળા કારી
ઉગતા સૂર્યે અમ્રત ચોઘડીએ હવે લઇ આવે જલ ઝારી

પંડીતો માકે પાટલા લાવી આસન દીધા બધા ઢાળી
ક્રોડ તેંત્રીસની ટરી સ્થાપના મૂર્તિ વિષ્ણુની આનંદ કારી

વિષ્ણું આરાધન કર્યૂં પંડીતાએ વેગથી આવ્યા ત્યાં મોરારી
સંકલ્પ કક્ષીને કરી સ્થાપના દર્શન કરે નર ને નારી

કિમતી પવિત્ર કાષ્ટ લઇને સુખડ ચંદન જેવા ભારી
હવન કૂંડીમાં તે લઈને મૂંકયા કહે પાલુ જવતલની કરી છે તૈયારી

પદ ૬૧

હે કૃપાળુ હે દયાળુ તારા ચરણમાં રાખજે
જન્મ જન્મની યાપી છું મુંખથી સત્ય ભાખજે
ઉદયના સૂખદુખ મળે તે મારી ઝોલીમાં નાખજે
સત્ય વેણ કોઈ કસેકહે તે હળવે રહીને સાંખજે
છુંપા કર્મો જે કર્યા ને પ્રભૂ પાસે દાખજે
ભાવસાગરમાં નાવ છે મારૂ તેને સંભાળી તું હાકજે
જન્મ જન્મનો હું ત્રણી છું જેવૂં હોય તેવૂં કહી નાખજે
વિનતી સૂણી વિપ્ર પાલૂની દેજે હૃદય આંખ બે નાથ રે

પદ ૬૨

વાલા ભકિત રે કરોને તમે ભાવથી ભકિતના અંગ કહ્યા છે ચાર રે
સમજ સમજ તું તો જીવરે સુભાગીસા થઇ જશે તારો ઉધ્ધાર રે
વાલા દાન રે ધ્યાને બીજુ દીનતા આચાર રાખ એવાતુ અંગમાં રે
સજજન પુરુષનો સંગ રે કરીલે કાયમ રહે તું સતસંગમારે
વાલા મનને કરીલે ભાળા મણકા દયા રૂપી દોરો તેમાં પરોવી લે રે
સંતરે વિના બીજા નથી રે સુકાની સંત આ નાવને નાહી સતાવે રે
વાલા પ્રભુને જાણ્યા તે નર પુરા રે નહિ તો જન્મો જન્મ અધુરા રે
કહે છે પાલુ સંત ગુરુને પ્રતાપે સજારે તેને કહુ નર સુંરારે.

પદ ૬૩

વાલા દયારે રાખો તમે દિલમાં દયા છે દેવી બહુ મોટી રે
દયારે વીનાનો જે આત્મા રે આવશે ઉપાધી તેને ખોટી રે
વાલા દાનીરે થાવ તમે દિલમાં લોભ છે પાપનું અતી મુળ રે
લોભથી રે જાશે લક્ષણ તમારા રે માનવી થઇ જશે અંતે ધુળ રે
વાલા ધિનરે આવે તો નાહી ભુલજે કરી લેજે ઉતમ સારા કામ રે
દિનરે આવે તો બની દિવાનો રાખજે પૃથ્વી પર નામ રે
વાલા હાથરે દીધા તો દાન કરીલે પગરે દીધા તો કર ધામ રે
જીભેથી પ્રભુના જશ ગાઇ લે મુખથી કહી લે મન રામ રે
વાલા રામને ભજીલે પામર પ્રાણીઆ રામ વિના મુકિત નથી થવાની
કહે છે પાલુ સત્ય ગુરુને પ્રતાપે રે
રામ ભજન વિના જીંદગી નકામી જવાની રે

પદ ૬૪

આદ્ય શકિત તુજ ને નમે મમાઈ દેવી તુજને નમે
બાળક આવ્યો બારણુમાં રવીભાણુ ઉગતા સમે ટેક.

અતી સૂંદર મઠ તમારો મઠ મનને બહું ગમે
દર્શન કીધે દુઃખ હરે દેવી સહાય કરે મા તે સમે. બાળક

શકિત તમારા શંખ જોઇ પાછું મઠ જોવા મન ભજે
વિષય વાસના દુર કરીને નરનારી આવી ત્યાં નામે બાળક

પીડી તમને અતી પ્યારી પૂષ્પોની સૂગંધ માને ગમે
ધુંપદીપને થાય આરતી માનથી આવો ત્યાં તમે. બાળક

નોબત નગારા તમારા વાગે ડમરૂ દેવીને બહું ગમે
વિપ્ર પાલૂ પર દયા રાખજો આવી તમારે ચરણે નમે બાળક

પદ ૬૫

સાચો સાથ તુમારો વીઠલા તુમસે દિલ મેરો લાગ્યો રે
વીઠલ વીઠલ સબ કોઈ કહે વીઠલ કોણે દીઠેલા

નરસૈયે તો નજરે નીહાળ્યા હાર હાથો હાથ દીધો રે
વીઠલ વીઠલ સબ કોઈ કહે વીઠલ કોણે દીઠેલા

મીરાબાઈ તો વીઠલ પર મોહ્યા તેણે વીઠલને જોયા રે
વીઠલ વીઠલ સબ કોઇ કહે વીઠલ કોણે દીઠલા

વીઠલને વીરબાઈ સોંપ્યા જલારામ ભકતે જોયા
વીઠલ વીઠલ સબ કોઇ કહે વીઠલ કોણે દીઠેલા

ભાવથી ભકતો ને મળ્યા પાલૂ કહે પ્રેમ રાખી રે. સાચો.

પદ ૬૬

મનની મેળા માણું રે
દાણો પાણી ગુરુ દતાત્રી નકર મનની મેળા માણું રે
કીં અચાં દતાત્રી ગુરૂ મન માયામેં મુંઝાણું રે
પ્રથમ પગથીએ ચણું ઉતે આડી હનેમેં જી આણું
હુકુમ કજા ગુરુ હનું જાકે ડીએ અસાકે હેળો ટાણું
ઉતાબરે ગુરૂ ચઢ્યો ગીરનાર પેરમેં થીએ તી વાંણું
ગૌમુખી તે મનમન પુગા ઉતે મનહી મુંઝાણું
ગૌમુખીમેં અસ્નાન કીયા ગુરુ મંદિર અંબાજે ડસાણું
અંબાજીના દર્શન કીયા છાપ ત્રીસુલ જે છપાણું
ગોરખ ધુણેજી ગુળક બારીમેં કમંડલ કુડ ડસાણું
કમંડલ કુડમેં અસ્નાન કીયા ગુરૂ મન ઉતે હરખાતુ
દાણે દતાત્રી દુકળો આયો મનથીઓ દર્શન જે ટાણું
શ્રીફળ ચબાયદા ગુરૂ દતાત્રી કે મથે ડંકો વજાણું
દતાત્રી આઇ દયારખજા જમીયલ સાંકે કજાજાણું
ભવેશ્વરજી બજારમેં ગુરૂ અથોક મનખો ભરાણું
હી મનયેમેં મળો નકીઓ ગુરૂ સંસાર સૂનુ સમજાણું
દયાથી ગુરૂ દતાત્રીજી તો હેળી મોજું સદાય માણું
પાલુ એ પ્રતાપ ગુરૂજે તેજ ગુણ વખાણુ ગુણ ગીદાં અંતપ્સેતીતાં
દાતાર ડીદા રાંણું

પદ ૬૭

રામને રાજતીલક દેવા દસરથે કીધો ઉચારરે
કૈકૈયે જાણ્યું હૃદયથી વચન માગુ આ વાટરે
કૈકૈ કહે કંથને થાવ વચન દેવા તૈયાર રે
નહીતર હુંમારો દેહત્યાગુ જો લગાડો વાર રે
કહ્યું કંથે માગ કૈકૈ શું કરવો એમાં વીચાર રે
આવો સમય મારે ફરી નહિ આવે હવે બીજીવારરે
રામને વન ભરતને તીલક માગું છું ભરથાર રે
દશરથ કાને આવાજ પહોંચ્યો તુટ્યા હામહથીઆરરે
ભુંડી તું છોભામની કહી તુટવા લાગ્યા જીવન તાર રે
કહે પાલુ સંતગુરુ પ્રતાપે રામ પર અતી પ્યાર રે

પદ ૬૮

વીભીષણ ભજે રામને લેજો મારી સંભાળ રે
તમ વીના મારે કોઇ નહી મને તમારો આધાર રે
વીભીષણે રામને ભેટ્યા રહી લંકા બાર રે
રાવણ મ.રી તેને રાજદીધું કંઠે પહેરાવ્યા હાર રે
રાવણ મારી સીતા ઘેર લાવ્યા કીધો અનેકનો ઉધાર રે
દશરથ સૂત અયોધ્યામાં આવ્યા ભેળા હનૂમાન છડીદાર રે
રામ લક્ષ્મણ ભરત શત્રઘ્ન શોભે રાજ દરબાર રે
માતા સીતા તો અતી શોભે બજરંગ શોભે અપાર રે
અયોધ્યાને આશીષ આપી કરેરીભરી કીરતાર રે
કહે પાલૂ સંત ગુરૂ પ્રતાપે શોભાનો નહિ પાર રે
વિભિષણ ભજે રામને.

પદ ૬૯

રામને સંભાર મન રામને સંભાર રે
રામ ભજ્યા સો પાર ઉતર્યા માથે જમના માર રે રામને સંભાર મન
શલ્યાને અહલ્યા રામે કીધી ગુહયે લીધો સાર રે
રામને જાણી લીધા હૃદયથી બેડી ઉતારી પાર રે રામને
વાલી સુગ્રીવ બન્ને લડ્યા આવ્યા મારામાર રે
વાલીને મારી કીકૂંઠ દીધું સુગ્રીવની લીધી સંભાળ રે રામને.
રામ આવશે જાણ્યૂં હૃદયથી શબરી કરતી વેપાર રે
એંઠા બોર જઇ તેના ખાધા અંતે કીધી વાર રે
કહે પાલું સંત ગુરૂ પ્રતાપે વીઠલ કરજો વાર રે
અંત સમયે હૃદયમાં રેજો રામ નોધારાના આધાર રે

પદ ૭૦

રામે વન જવા રજા માગી કરી માતપીતાને નમસ્કાર રે
લક્ષ્મણ કહે રામ સાથે આવૂં થયા સીતાજી તૈયાર રે
રાજ સૂના પાટ સૂના સૂના અયોધ્યાના નરનાર રે
લઈ આશીષ રામ વનમાં ચાલ્યા સૂનો રાજ દરબાર રે
વનમાં જઇ રામે મઠી બનાવી સાથે બંધું લક્ષ્મણ હોશીઆર રે
સીતારામની સેવા કરતા હરખનો નહિ પાર રે
બાગ બગીચ. ફૂલવાડી કીધી કરતાં ફળ આહાર રે
અયોધ્યાથી ઉતમમાની વસે વનમો જાટ રે
રામ લક્ષ્મણને નજરે નીહાળી વન પશૂને હરખ અપાર રે
કહે પાલું સંત ગુરૂ પ્રતાપે થયા રાવણને સમાચારરે

પદ ૭૧

રાવણે જાણ્યૂં વનવાસ મળ્યો રામછે વન મોજારરે
મામા મારીચને કહી સંભળાવ્યૂં મામા તક આવી અપાર રે
મામો ભાણેજ બન્ને મળીને કપટ રચ્યૂં તે વાર રે
કપટ કરી સીતા હરી લાવ્યા આવ્યા લંકા મોજાર રે
સીતા વીયોગે રામે રુદન માંડયા બંધું સમજાવી આપે સારરે
તે સમે બજરંગે આવીને કર્યા રામને નમસ્કાર રે
કહે હનુંમાન રામને હુંછું તમારો છડીદારરે
વાનર સૈન્ય જાઇ હમણા લાવૂં કરીએ માતાજીની વારરે
સાંભળી બોલ સેવકતણાં થયા રામ તૈયાર રે
વચ્ચે જટાયૂ મરવા પડયો આપ્યા સીતાજીના સમાચાર રે
રામ હળ લઇ હાલ્યા લંકાપર કરવા શત્રનો સંહાર રે
કહે પાલૂ સંતગુરૂ પ્રતાપે સાથે નલનીલ યોધ્ધા અપારરે

પદ ૭૨

જીને રામકો નામ કદી ના લીયો અવસર તાકો બીત ગયો
પ્રિય પાલુ કહે સુનો પ્રેમીજનો તાકો ફોગટ ફેરો આહી થયો
રામકો નામ હૃદય ધરી મનમેં પાપ કપટ કીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રિયજન તાકો ફોગટ ફેરો આહી થયો
ગુરુબની ગુમાન કીયો શીષ્ય કો બોધ જરી ના દીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો તાકો ફોગટ ફેરો આહી થયો
સંત બન્યો સદગુણ નહી રામકો નામ કદી ના લીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો તાકો ફોગટ ફેરો આહી થયો

પદ ૭૩

સંત થયો સુપાત્ર પણે જીને મુરખ કો જઈ બોધ દીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજન ના શબ્દ મુરખને કાન લીયો
જનેતાકે ઉદર જન્મ ધરી જીને પાપ કમાઈ ખુબ કીયો
પ્રિય પાલુ કહે સુનો પ્રેમીજનો તાકો માતાને જન્મ દીયો ન દીયો
જીને માત પિતાકો વચન સુની બોધ હૃદયમેં જીને લીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો ભલે માતાકે ઉદર જન્મ લિયો
જીને રામ ભજનમેં બેસી કરી ઠઠા મશ્કરી ઉરે ધરી
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો માર ખાશે તે યમનો પેટ ભરી

પદ ૭૪

એક મુરખ જીને પ્રીતકરી સત્ય વચન જઈ તાકો કીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો ના શબ્દ મુરખને કાન લીયો
સેરકો આહાર સવા સેર પીયો મનમેં વીચાર જરીના કીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો જીને જ્ઞાનકી બોધ લીયોના લીયો
સતસંગ કીયો પ્રભુકો દિલ દીયો જઈ સદગુરૂ સે જ્ઞાન લીયો
વિપ્ર પાલુ કહે સુનો પ્રેમીજનો જીને પ્રેમ પીયા લો પુરણ પીય

પદ ૭૫

જલ્લા અલા રામ અબા બડા સાહેબ બના ઇ સો

ગામ કચ્છ મુંદ્રા સે આયો આકે વરવાળાંમેં ફેરીઓ વરવાળા મેં આઇએ

આઠ વરસ અબા સાઇ અબા હરસાઈ એ

નવમે વરસ અવતારી અબાપીર નામે ઓળખાયા રે

અબાપીર નામે ઓળખાયા રે

વરવાળો વીર છેત્ર બતાઇ એ

છેત્રમેં પ્રગટ બની એક જુબાન સે જસ ગાઈએ જુબાનસે જસ ગાઇએ

રેમણી સરકાર સે રજાલઈ આઈ એ

બની દાસ રેમણી કો ઓટો બેઠક બડી બનાઈએ બેઠક બડી બાનાઇએ

રેમણી સે દુવા લઈ મસ્જીદ પાસમો આઇએ

મસ્જીદસે દુવા માગી બેઠક પાસમેં જમાઇએ બેઠક પાસમેં જમાઇએ

સૈયદ ફકીર કીકલા અબા પાસમેં બેઠાઈએ

બેઠકમેં હીંચોળો બનાઈ કીકા પંથુ ખેલ ખેલાઈએ કીકલાકૂં ખેલ ખેલા

ત્યાં એક મુંસાફીર ગુનેગાર આઇએ દુઃખ સવેં મીટાઇ એ

ત્યાં સૌ અબા અબાપીર નામે એળખાઇએ

દુઃખીયોકા દુઃખ મીટાઈએ ત્યાસે દરબાર ઐસો બન્યો દિલમેં

દર સામે દરબારસે દર્શન કરી મેરો સબ સંશય મીટાઈએ

પાલૂ તેરેં દિદારક આઈઓ પીર તેરે દિદારક આઈઓ

જગતની બુધ્ધિથી ઈતના ગુન બાલકને ગાઇઓ

સાબુખારી સૈયદ અબા મેરો સબ શંશય મીટાઇએ

પ ૭૬

સંતઅબા મળ્યા મારા ભવદુઃખ ટળ્યા ગામરે વરવાળા અમને સંત

વરવાળાને પવિત્ર કીધુંનામરેરેમણીનું દીધુંતમારા દર્શનથી મારાપાપટળ

બેઠક તમારી અતી શોભે માનવીઓના મન મળ્યા

બેઠકને જોતા મારા દિવસો વળ્યા

પલંગપર વળી આપ બીરાજે ગાદી તકીયા દુસાલા

તમોને જોતા મારા નેણુલા ઠર્યાં

સૂખી દુઃખી સૌ કોઇ આવે દુવા પીર પાસેલઈ જાવે

વિપ્ર પાલુ ગુણ વલીના ગાવે ગણગણતા મારા સ.શય ટળ્યા

પદ ૭૭

અબા આંજા મોઘા આવ્યા મેમાન તેજા આઇ કજા સનમાન
વરવાળેના સુણી વલીજા મલીને ડીહાંઆંકે માન
જેળી જેળી કમાયું…જેજી.

અબા જુબીદા દાન તેજા પીરાણી પરચા સુણી વલીજા
અસી દિલ કુંદા કુરવાન મસ્તિમેં આવિ મોજુ ન્યારી

અસાં ભુલીવ્યા બાપુ ભાન બુખારી કુર ઉંચ્યુ આંજો વલી
આંઇ ડના ફકીરી કે જાન મસ્ત ફકીરી આંજી બાપુ

અસી કરીયું આંજા ગુણગાન ઓબામે ઓલીયાં આઇ એવાણા
ફરકેના આજાની સાન વિપ્ર પાલુકે પ્રતાપ આંજો વલી
ડના પુરેપુરી સાન

પદ ૭૮

હરુખ સપને આવે ત્યાં ગુણ ગુણીજન ગાવે
પીરાણી પીર વલીના હરુખ સપને આવે

મેળો ભરાણો માનવીઓને વરણુ અઢારે આવે
પીર અબાના દર્શન કરીને શ્રીફળ સાકર ચડાવે

મનોરંજન સૌ માનવીઓને અનોખા વાજીંત્ર વાગે
હિંદુ મુસ્લીમ સૌ મળીને ગુણ વલીના ગાવે

સાધુ ફકીર સૈયદ મળીને ચલમની ચોકુ લગાવે
મસ્તિમાં તરવર બની સૌ માનવીઓને મનભાવે

અતી ઉજળી દરધા પીરાણી મંડપ અતી સોહાવે
અતી ઉમંગ ઉંડે મીઠાયું મીઠા મીઠા ભોજન પાવે

વરસા . ાં અબા પીર ઓલયાની સામે નીલા ફરકાવે
પાલું ને ગુરૂ તમે મળ્યા બાપુ નીતનીત દર્શન પાવે

પદ ૭૯

જોયો વરઘોડો વલીનો જોયો વરઘોડો
ઊભી ઊભી બજારે પીરનો જોયો વરઘોડો

ગામરે વરવાળી વલી બેસણા તમારાને
હાલ સવારી પીરૂની ત્યાં રસ્તો પળે સોળો

વાજારે વાગે પીરૂના પડઘમ વાગે ને પડે છે તાલમાં અનોખો તોળે.
ધીરે ધીરે ધીરે પૂરૂની હાલે સવારી ને હાથે હોકો મળ્યો છે મોળો
અત્તર લોબાન પીરુની બહુ અતી ભભક એની
સૂગંધ લે કોઈ ભકત ભોળો ભોળો

લાલ ને લીલા નેજા પીરૂનારે ફરકાને તેને નમણું કરીને હાથ જોરે જોડે
ગુરુને પ્રતાપે પાલું મહારાજ જ્ઞાન દેશે ગોળો

પદ ૮૦

અબા આજુ ગામે ખડી કીયો હે કામ
કચ્છ મેંથી કૃપાકરી બનાયો વરવાળે ધામ

અભ્યાગત કોઈ આશરે આવે, આવે અબાને ધામ
મનના મનોરથ પુરા કરે, જઈ સંતોસે કરે કામ

અબા તેરે દરબારમેં બોલ તોલાઈ કી રીત
ના કીસી સે દોસ્તી અને ના કીસી પ્રીત

અબા બડો ઓલીયો દુઃખડા કરે વલી દૂર
સમયે પીર સાદ દીયે તારો ભરોસો છે ભરપૂર

હિંદુ મુંસ્લીમ મળવા આવે સાધુંને ફકીર
પાલૂ કહે પ્રેમથી ત્યાં પ્રગટ અબાપીર

પદ ૮૧

બાબા તારી મસ્તીનો ન આવે પાર તેનો ગોત્યો મળે નહિ સાર
સાંજ સવારની મસ્તી તારી દિસાનમેં બાવા ચાર

દ્વારકાને દેવ રે હાલે નાખી ગળામાં ફૂલહાર
ભજન ધુનમાં બેસે બાબા ત્યારે વાગે સાગરના બે તાર

એવી ઊચીતો કાફી બોલે ત્યાં ચલમની ચડુ ચાર
મસ્ત કલંદરના નારા લગાવી ચોટું મારે બાપા ચાર

સાધું ફકીરને નજરે નીહાળી ઉર આનંદ આવે અપાર
આ મસ્તી છે ઉલ્ટી તેને જાણે નહી સંસાર
પાલૂ તમારી અબા મસ્તી જોઈને વલીપદ લખે વારંવાર

पद ८२

ધુંન ઘણી મેં ધાર્યો અબાપીર પ્રગટ પરચો ભાયોં
ડાડા દુવાઇયૂં દિયો તો ગુણગાવૂં સંતોના
પીર વેજી પેગંબર કેવૂં છે હની ભૂણારીજો પંથ ન્યારો
પેલી બેઠક મસ્જીદમેં ડાડા જાણે તો વલી ન્યારો
કચ્છે સૂજે કાઠીઆવાડ સૂજે આજી દધાંમે નીત ઉજ્યા
બીજા બેઠક વડલે ડાડા વડલેકે આઇ તાર્યોં
તનકે નમ્યા મનકે નમ્યા નમ્યા દેવર કેબજે વારો
ત્રીજી બેઠક વડલે સામીડાડા ઉતે પાક્ષૂકે પડકાયોં
વેદતાણ્યા કૂરાન પડયા મસ્તીમેં મન માયોં
ચોથી બેઠક દરબારમેં ડાડા દુઃખીયો કો ઉગાયોં
મોરજો રાગ મલાર સૂણી અબા હાથ બંધી શીર નામયો
વિપ્ર પાલું આજે પ્રેમજો ભોગી દરગે વેટી પદ ગાયો

पद ८३

મનડું મુંઝાયા મારૂં તનડું મુંઝાય
અબા તમારા દર્શન વિના મારૂં મનડું મુંઝાય
આજ મન દરબારમાં કાલે બીજે દોડયૂં જાય
અબા નામ જપતાં અમને સંશય ટળી જાય
આજ મન ગંગા જમુના કાલે નહી ત્રીવેણીમાં નાય
નામ જપે ફકીરી મળે તો જન્મ મરણ મટી જાય
આજ મન સતસંગમાં કાલે ઘાટે ઘાટ ભટકાય
બલીહારી એ નામ તણીતો વૈકૂંઠ ખાલીન જાય
આજ મન ચીંતામાં ફરી વળી કાલે ઉદાર થાય
આ પ્રતાપ અબાવલી તણો પાલૂ તમારો યશ ગાય

પદ ૮૪

અબા મારો આતમ મુંઝાય આવી એને શું છે દુઃખદાય. અબા.
અબા મારો આતમ મુઝાય આવી એને શું છે દુઃખદાય. અબા.
આજ અબાં હું તમારી પાસે કાલે બીજે રે મન થાય. અબા.
ગુણગાયે વલીનાતો દુઃખ દારીદ્ર જાય
આવૂં અંધારૂં દેશોતો અબા નામ કેમ લેવાય. અબા.
આતમમાં અજવાળુ દીયો તો મન તમારો જશ ગાય
સાંઇ અબાને સમરતા ભવનો મહારો મટી જાય
લાઈ લાગી મનમાં તારી અબા નામ લેતાં ઓલાય
દિલ મારૂં એમ કહે એવા તારો સો છે મનમાંય
દર્શન દેવા દુનીયાને તમે આવ્યા કયાંના કયાંય
પાલૂને પ્રતાપ તમારો દયા રાખોને સદાય

પદ ૮૫

કયાંથી લાગે તાળી અબા કયાંથી લાગે તાળી
મોહમાયા મનમાય અમને કયાંથી લાગે તાળી
આવ્યો હું અબાને શરણે દુઃખી લીયો વીસારી
મન મારૂં માયામાં વસી જાવૂં છે મારે વાળી. મોહમાયા.
આવ્યો હુ અબાને શરણે કાવાં કસૂંબા પીયૂં ભરી
દેવા લેવામાં સમજુ નહિ ચલમ નયૂં વાળી
આવ્યો હું અબાને શરણે સ્રરતા રાખી સારી
તન મન ધન હરી લેજો અબા નજરમાં રાખો નીહાળી
હું અજ્ઞાની એવો અબા આવ્યો ચરણ તમારી
વિપ્ર પાલૂને શૂધ્ધ બુધ્ધિ દેજો અબા નજરમાં રાખો નીહાળી

પદ ૮૬

દિપાવ્યૂં વરવાળા ગામ ત્યાં અબાનું મોટું ધામ
ઓલિયા એ દિપાવ્યૂં વરવાળા ગામ
ચાલો અંગ વરવાળા લઇએ અબા બાપૂનુ નામ
સાચે દિલે સાંઇને સમરીએ મનધાર્યા થાય કામ
ચાલો અંગ વરવાળા જઇએ મનને બેઘડી વિશ્રામ
દર્શન કરીશૂં સલામ ભરીશૂં તેમાં નથી બેસતા દામ
નરસિંહ મેતાની હુંડી સ્વીકારી વીરપુરમાં જલારામ
કહે પાલું સંતો ગુરૂ પ્રતાપે એવા સંત અબા વરવાળે ગામ

પદ ૮૭

કયા અબા બાપૂ કહે કહાની સૂનો નરનાર સૂજાની
તુંને કરમ કીયા બડા ભારી કહાંસે લેવે મૈં ઉગારી
કયાં સેવા કરો મન માની. સૂનો.
તુમે ભીડ પડી બડી ભારી ધોડી આવો શરણુ હુમારી
કય હવૂં તૂમે દિવાની. સુનો તૂમે અવતાર દિયા સંસારી
તું બાંધ પૂન્ય કી ભારી કયા કવિ પાલૂ કહે વીચારી. સૂનો.

પદ ૮૮

અબા ઓલિયો કેવાણો અમર તારો લેખ લખાણો
આલેખ અલોકીક વાચી સકે નહી વીર
વાંચવાવાળા વીરલા જોઈએ પ્રગટી બેઠા પીર અબા.
ઓખા મંડળમાં આવ્યો ત્યારે મસ્તિમાં ભરપૂર
આજ આવી કોઈ દર્શન કરે તેના નીતનીત વધે નૂર
હિંદુ આવે મુંસ્લીમ આવે આવે સાધુંને ફકીર
વરવાળા માથે વળ્યા આવે ત્યાં પ્રગટયા અબા પીર
આઠે પોર એક રંગીલો અબાનો છોતૂં પાર
દેસાલી પર દયા કરો પાલૂ પર રાખજો પ્યાર અબાા

પદ ૮૯

હાલો કવિ ઓખામાં જઇએ ગુણ અનું ભવના ગાઈએ
ઓલિયો જોયો ઉજવળ પ્રગટ વરવાળો જો પીર
ઉમેદું કરી આવશો તો સામ રાખે શરીરે
ગુણ ગાય અંતરથી તો ઓલિયો પૂરે આશ
પ્યાસી એતો પીર પાસેથી ન જાય કોઇ નીરાશ
કલીયૂગમાં કીધી કમાણી કરામત કીધી કીરતાર
આવી કરામત અમે નો જાણી આવે ખબરો સંસાર
દીનદુ:ખીયા દેસાણી એની સાંભળ અરજ સાર
આફ તુ ભરેલ ઓચીંતી આવી ગયો છું આજ
શરણુગતની શરમ સંભારો ઉપરીનો અવરીયો આરો

પદ ૯૦

ઓ અબા અરજી સ્વીકારો શરણે આવ્યો નોધારો
નોધારાની આધાર થી ઓ એમ પરચા પુર્યાં અપાર
રોતા કળકળતા આવ્યા તેને હસતા ન લાગે વાર
શ્રીમંત અને શેઠીઆ તારે શરણે આવે છે અપાર
રંક ગરીબ પર રહેમ કરીને પીડા મટાવે ને વાર
મન મુરાદો પુરી કરજો કાવા કસુબા સાર
દેસાણી પર દયા કરી પાલુ પર રાખો પ્યાર

પ ૯૧

દર્ગા લગેતી પ્યારી અબાપીર આઇ સચા સૈયદ બુખારી
અબા મુહે દર્ગા લગેતી અતી પ્યારી નીલા પીરા નીરાન ફરૂ
નમણું કરેતા નરનાર અબા મુકે દેશી પરદેશી આં સાંજેચરણે અચેંતા
આંજી સુબહ લગે અબા સારી આબા મુકે
આંજી દર્ગા તે અનેક અચેંતા સાધુ ફકીર અને સંસારી
પાલુ આંજે ચરણ જો પ્યાસી રખજા સચે સચી મોમું યારી અબા.

પદ ૯૨

બેળી ઉતારી કજાપાર આઇ નોધરેંજા આધાર
સાબુખારી સચા ઓલીયા આઇં બેળી ઉતારી કમ પાર
મુનરે જા મસ્તન વલી આંજી ગેબી અબા ગાર
સુણી સુણી હરખે ઘણાં મનમેં આંજે દરબાર મેં નરનાર
આંજી કચેરી અળી ઓલીયા શીલે અપરંપાર
સાયદ સાધુને ફકીર અચેંતા અચી કરે આંજા દિદાર
આંજી કમાયું બેળી ઓલીયા હી સમજે નતા નરનાર
સમજયા સોતા પાર ઉતર્યા તેંમે બેડો કયા આંઇ પાર
જેળી જેળી કમાયું જેજીયું એળી દુવાયું કયોતા દાતાર
કુળી એંકે આંઇ કડે મમેંના સરોંજા તારણહાર
ઓખા મંડળમેં જીરાપીર ઓલીયા અબા વલી અવતાર
ગામ વરવાળે દર્ગા આંજી નમણું કરેંતા નાનાર
બાપુ મીયા આંજી ગાદી સંભારે દીવાન હસો આંજો યાર
મલીયા બાપુ આંકે જાજે પીર બીયા જાંજેતા અપાર
જનસ બપુ અબા આશક આંજા ઉનીજી મસ્તી અપાર
પાલુ મસ્તેજી ન્યારી મુકે અનીદ અચેતો અપાર
અબા મૂજી બેળી ઉંતારી કજા પાર

પદ ૯૩

બાવા ઐસી કરામત કરડાલી હમસે ચલે ગયે હાથદે તાલી
જબજબ જીનેકી તૈયારી હો રહીથી ખુદાકી નીગા સુરતપે આરહીથી
તુમારી ખુદાઇ ખુદાસે ન ખાલી હમસે
બાવા તુમ્હારી મસ્તી કોઇને જાની ભલાઇ કી રીત સબને પહચાની
પ્રેમકી મસ્તીમેં દેતા તુમ ગાલી. હમસે
બાવા તુમ્હારી હસ્તી દીસસે ન બસ્તી
સદા રહે મસ્તી નહી જબર દસ્તી
પ્રેમકી દોરી હમપે ડાલી. હમસે
બાવા તુમ્હારા ચાહક તૂમ હી ચાહતા
ઔર કોઇ ઓલટપે નહી આતા
તુમ્હારી એક ટકી હૈ મસ્તી નિરાલી
બાવા તુમ્હારી કરામત કોઇ ન જાની
જોહે ખુદાકા પુરેપુરા સાની
કહે પાલુ દરસે તુમ્હારે કોઈ જાય ની ખાલી
સંવત ૨૦૩૩ના વૈશાખ વદ પાચમને શનીવાર
બબાએ ચાલો પુરણ કીધો તેને સંભાળે નરનાર
પાલુને પરચો આપીયો આ ચીયા અંતિમ દિદાર
હાથ મીલાવી ચાલ્યા ગયા સાન આપી તેવાર

પદ ૯૪

માળા કરવા બેસીએ મન રાખીએ સાફ
માળા શ્રી હરિતણી તેમાં કદી ન લાગે પાપ
માળા કરવા બેસીએ ના રાખીયે માયામાં મન
માળા શ્રી હરિતણી તેને અર્પણ કરીએ તન
માળા કરવા બેસીએ રાખી એકજ નીમ
ગુરુનામ ગોખીએ કદીના બેસે ગીમ
ગૌમુખી ગુરૂનામની સુત્ર તેનું સબધાર
પાલુ આ પારા કાષ્ટના ઓળખે તો ઉતરે પા

પદ ૯૫

સંવત બે હજાર એકત્રીસમાં માસ ભાદરવો કહેવાય
શૂકલ પક્ષ તીથી બારસ મંગલ રાત્રી જા

ઓચીંતોને આવી ચડયો દ્વારકા પૂરી મોઝાર
પ્રભૂ પોઢયાતા શયનમાં સૃષ્ટીના સર્જનહાર

હાક મારી હરી જાગ્યા કોણે કર્યો આ પડકાર
સૂદર્શન લીધું હાથમાં કરવા શત્રનો સંહાર

બરડીયાથી ચાલું કરી બોંબની મારા મારી
આવી પડયા ગોમતીમાં ત્યાં મા એ નાખ્યા હારી

એક આત્માને અડયા નહી યૈ બોંબતણી ખુવારી
હાથ તેના હેઠા પડયા અને મનમાં લીધું સારી

પદ ૯૬

બોંબ ફોડયા બહુ ઘણા નો લાગી નો તેની કારી
હિન્દ જીતશે હાકમાં પાકિસ્તાન જાશે હારી

સમજયો નહિ એ સાનમાં પાપી પાકિસ્તાન
રાધા કૃષ્ણ રીસે ચડયા શૂં કરો સમાધાન

બાવન ગજની ધજા ફરકે તોપ જામ પરબારી
હૈયે હિંમત રાખી ઘણી ધુનબોલો નરને નારી

ભારત માતા તૂં ભારતણાં દુઃખ લેજે માતા હેરી
રાખણહારો રણછોડછે પાલૂ કોણ છે આપણો વેરી

શેઠ મારો શ્યામળો બાવન ગજની ધજા
પણ રહું તારા રાજમાં કાયમ કરવી મજા

પદ ૯૭

હે કૃપાળુ હે દયાળુ વિપતી ટાણે આવજો
સાચા છો તમે શ્યામ મોરારી અમ રંકન તાવજો
માથે મુગટ કાને કુંડળ મુખે મોરલી બતાવજો
હીરા માણેકના હાર પહેરી લીલમ હારે લગાવજો
કેસરી વાઘ પીળા પીતાંબર ઉપેણી સાચી બતાવજો
શંખચક્ર ગદા પદમ શ્રંગાર સજી આવજો
ઉપર છત્ર પગે ચાખડી પુષ્પ હાર પેરી આવજો
વિપ્ર પાલુની આ એક છે વીનતી
સાચો દર્શન કરવાનો મારો ભાવજો

પદ ૯૮

જમો જમો જગત આધાર તમને પ્રેમનો ધરાવું થાળ
સત્યનારાયણ સત્યના છો આધાર તમે લક્ષ્મી તણ ભરથાર. જમો
મેવા મીસરી પ્રેમના ધરાવું ધરી જલપાન તમને કરાવું
વેલા વેલા આવોને આ વાર ધરાવું પ્રેમના ભાતને દાર જમો
મુખવાસ મનથી ઉંચાઉંચા લાવું લવીંગ સોપારી એલચી ધરાવુ
નાગવેલી બીડા કરું સાર મુખવાસ કરોને મોરાર જમો.
ગંગા યમુનાની જારી મંગાવું જળ તે પ્રભુને વેલીતકે આપું
આચમન કરો જગત આધાર તમે કેમ લગાવો પ્રભુવાર જમો
આતો એકમનથી ધર્યો પ્રભુથાર તમે જાણો છો સ્રષ્ટીના સર્જનહાર
વીપ્ર પાલુએ પ્રેમ ધર્યો આધાર
જમો જમો લક્ષ્મીપતી જગત આધાર જમો જમોને

પદ ૯૯

આ ઇતિહાસી ભારતભૂમિ સત્ય ઉપર ટકી રહી છે
વેદ પૂરાણોમાં પણ સાબિતી મળે છે. આ ભારતભૂમિ.
આપણી ભારત માતૃભૂમિ ભારત માતાની
ગોદમાં જે સત્યનું પાલન કરીને રહેશે
તેને માતા ભારતનો સંપૂર્ણ આશિર્વાદ જરૂર મળે છે
આ જન્મમાં નહિતો અનેક બીજા જન્મમાં પણ
કરેલ કમાઇ કદી આ ભારતભૂમિ ઉપર રદ થતી નથી
એ સાબીતી પણ ઇતિહાસ બતાવે છે

પદ ૧૦૦

પાકે કર્યો પડકાર ભારત હાલ્યૂ ના એક રતી
ભારતના ભણકારથી પાકની મુંઝાઇ ગઇ મતી
ભારતના ભડવી રજવાને માતા છે જેની સતી
પાકમાં એવા પાકયા નથી કૂદરત જાણે એ ગતી
સત્યની જય સદા રહે પૂરાણો કહે વેદ વતી
સત્ય ઉપર સદા રહેવૂ પાકને વાત ગમતી નતી

યૂદ્ધ કરે અવળે પગે યૂદ્ધની જાણે નગતી
ધક્કા મારી રણે ચડાવે ઉલટી થાય ફોજ છતી

પીતા જેનો સત્ય છે માતા જેની ભારતી
જેની ગોદમાં રમતા સૂરાવો માતા નજરે ભાળતી
અનીતી કરતાં અનેક ગમા તેને માતા વારતી
સમજ્યા નહિ સામા થયા નીતી તેને નમાવતી
માતાની ગોદમાં રમતો કવિ માતાએ આપી મતી
સત્યને વરવૂં નામ સમરવૂં જય જય માતા ભારતી

પદ ૧૦૧

દૈત્યો હણ્યા દુષ્ટો દળ્યા સત્યની પ્રભુએ સહાય કરી
દ્વારકાને ડાઘ ન લાગ્યો ઓખાથી ગયા પાછા ફરી
સમજે નહિ સાનમાં પાપી વગર મકૂતનો જાશે મરી
આ હિન્દને જીતવા હામથી પાપી આવે છે પાછો વરીવરી
આ હિન્દને જીતવાતણુ પાપી ઓનું કામ નથી જરી
હરી પુકારે આ આ હિન્દને જય પાપી નોની થાય કેમ કરી
માતા ભારત કહે મારી ગોદમાં બાળ રહ્યા છે સત્યને વરી
એ સત્યના પ્રકાશથી દુષ્ટો આવી અહીં જશે બરી
સત્યની જય સદા રહે ઇતીહાસે એ વાત છે ખરી
પાપનો નાશ વીના મુલ્યે કવિપાલૂ કહે સમજી કરી

પદ ૧૦૨

આ સાગર છે મોટો જેનો નથી તરો કેતાગ
કાંઠા વગરનો કામણગારો ભલે આડો અવરો ભાગ
માયાવી તારૂ નાવ બન્યૂ તેમાં ભરી તે આગ
સુકાની જેનો સુઈ ગયો તોફાન જુવે છે લાગ
આવી ભરાણનું નાવ અધવચ્ચે હવે હોય ધણીની માગ
ધમી ધની હસે શેઠીઓ લાગે નહિ તેને દાગ
ધર્મ ધણી પાપ વાણ છે સંસાર સાગરમાં જાગ
કામ ક્રોધ તેમાં માલ ભર્યો તે જાણી લે આગ
મોહ માયાનો માલ કાઢી ભરી લે રામ નામ અથાગ
કહે પાલુ સંતગુરૂ પ્રતાપે હવે જાગ વાણવટી જાગ

પદ ૧૦૩

હામછે....હામ છે....હામ છે....રે સતાધાર જોવાની ધણી હામ છે
આપનું મંદિર અતિ સોહામણું દર્શન કરવામાં કયાં દામ છે રે. સતાધાર
હરીહર થાય ત્યાં માનવી હજાર રે રીધ્ધિ સિધ્ધિ ત્યાં જામ છે રે સતા
ભોજન થાય છે નીત ભાત ભાતના મીઠાઈ મેવા તમામ છે રે સતાધાર
નગારા વાગે નોબત વાગે સાધું સંતોને આરામ છે રે સતાધાર
અજુબાજુમાં અતી ફૂલવાડી સામે દત મહારાજના મુકામ છે રે સતા
આપા ગીગાંની ઉતરે છે આરતી જાગતી જ્યોત ઠામો ઠામ છે રે સતા.
શામજી ભગત મહંત મહા સત્યવાદી સેવા કરવાનું તેનું કામ છે રે સતા.
કહે છે સંત ગુરૂને પ્રતાપે ભજન કરવાનૂં મોટું ધામ છે રે સતાધાર

પદ ૧૦૪

ચાલો મન તુલસી શ્યામ જાગા કરીએ શ્રી શ્યામની
મનના ધાર્યાં થાય કામ જાત્રા કરીએ શ્રી શ્યામની
શ્યામ પ્રભુમાં સત્ય અમુંલ છે કુંડમાં નાયેથી અતીગણું પૂન્ય છે
શ્રધ્ધા રાખીને ભજો શ્યામ જાત્રા કરીએ
શ્યામ તણું રૂપ અતી સુંદર છે પટરાણી સામે ડુંગરા પર છે
જાપ્રાણુ આવે ત્યાં જામ જાત્રા કરીએ.
આજુબાજુમાં શ્યામ અતી ફૂલવાડી આરતી આનંદે થાય છે રૂપાળી
દર્શન કરવાની ઘણી હામ જાત્રા કરીએ
કુબુધ્ધ કાઢીને શ્યામ સૂધ બુધ્ધિ દે જો
સંતોને સદાયે ચરણોમાં લેજો
કહે વિપ્ર પાલૂ સંત ગુરૂને પ્રતાપે કરવા માટે તીરથધામ
જાત્રા કરીએ શ્રી શ્યામની

પદ ૧૦૫

રાસ રમે છે મા ભારી રે શીતળા ગરબે રમોને લીયે તાળી રે
નવરાત્રીમાં નવ દુર્ગા રમે છે રમે ચોસઠ જોગણી સારી રે
માના ગરબા અતી સોહાય છે રે માના ઝાંઝર ઝણકે ભારી રે
માની નવરંગ ચુંદડી સોહાય છે રે માની ટીલડી ચમકે ન્યારી રે
માને માને છે જગત સારી રે જગત તારી છે ફુલવાડી રે
માનો રાસ જે જે ભાવથી ગાશેરે મા તેને લેશે ઉગારી રે
સંવત બે હજાર એકવીની સાલમાંરે ચૈત્ર સૂદ ત્રીજનો કીધો તૈયારીરે
મા ગાય શીખે સૂણે સાંભળે રે તેના કષ્ટ કપાશે દાડી દાડી રે
મા તારા સેવકને બુદ્ધિ દે જે સારી રે ગુણ ગાય છે પાલું પૂજારી રે

પદ ૧૦૬

શ્રાવણ આવ્યો શીવનો તમે રોજ મંદીરે જાવ રે
હરભોલે હરભોલે ઉચ્ચારો પ્રેમથી ભજન ગાવ રે
અંત કાળે થારો સારૂ મેલો તમે મારૂ ને તારૂ રે
રોજ સવારે વહેલા ઉઠો જપો શ્રી ૐના જાપ
સાચે દિલે સેવા કરોતો મીટે મન સંતાપ
શંકર સાચાનો બેલી કદીના મેલે ઠેલી
નમઃ શિવાય ૐ નમઃ શિવાયના જાપ જયો દીન રાત
અંતમાં સાચુ છે સમજી લેજો મુકીને ખોટી પંચાત
માની લેજો વાત છે સાચી નહિતો પુરાણ વાંચી
સેવા કરો શીવની ને લાગો શ્રી ગણેશને પાય રે
કરૂણા કરશે કારતીક સ્વામી શકિત કરસે સહાય
ભોળાનું કૂટુંબ છે ભોળું યાદ હરો ત્યાં આવે
ફૂગફૂલને બીલી ટોપૂં ચડાવે કરે અગરના ધુંપ રે
અગર ચંદનથી નીત વધાવે જઇને બેસે ચુપ રે
મૃત્યુ જયના મંત્ર ઉચારે તો શંકર ભવસાગર તારે
શ્રાવણમાં સોમવાર છે મોરો શીવનો મેળો ભરાય
નરનારી આવી ખૂબ આનંદે શીવનો મહિમા ગાય
બ્રાહ્મણો ઋકી પાઠ કરાવે આનંદ અનેરો આવે
તનમનથી આ શ્રાવણ ગાયો હશે ઘણી
ભૂલની ભોળા માફી માગુ ભૂલને આધી મૂક
દેજે નીત ભકિત તારી ભૂલ ગણજે ન મારી
વીપ્ર પાલૂની સેવાછે મનની તમે સ્વીકારો
ભોળાનાથ રે ભવસાગરમાં ડુબી રહ્યો છું
શીવજી પકડો હાથ ઇંદ્રેશ્વર આવી ઉગારી
ભવસાગર માંથી ડુબતા તારો

પદ ૧૦૭

જય શંકર ભોળા ૐ જય શંકર ભોળા
ચડે ભસ્મના ગોળા ૐ જય શંકર ભોળા

કૈલાસેથી કરુણા કરી શીવ ઇન્દ્રેશ્વર આવો
પાર્વતીજીને પ્રીતેથી તમે સાથે તેડી લાવો ૐ જય શંકર ભોળા

કારતીકને કરૂણા કરી ગણપતીને મનાવો
શૈવ કૂટુંબને સાથે તેડી ઇન્દ્રેશ્વર આવો ૐ જય શંકર ભોળા

પ્રેમથી કરુ પૂજા તમારી પ્રેમથી કરુ સેવા
પ્રેમથી કરૂહું પાઠતમારા પ્રેમના ધરૂ મેવા ૐ જય શંકર ભોળા

શીવશંભુની આરતી જે ભાવેથી ગાશે
વિપ્ર પાલૂની વિનતી શીવચરણે જાશે ૐ જય શંકર ભોળા

પદ ૧૦૮

હામ છે....હામ છે....હામ છે રે માના રાસ રમવાની ઘણી હામ છે
અંબાનો રાસ અતી સોહામણો દર્શન કરવામાં ક્યાં દામ છે રે
અંબાનો મંડપ અતી સોહામણો રિદ્ધિ સિદ્ધ ત્યાં જામ છે રે
અંબા માની ઉતરે છે આરતી જાગતી જ્યોત હામોહામ છે રે
ભોજન જમે છે મા નીત ભાત ભાતના રે મીઠાઇ મેવા તમામ છે રે
સંવત બે હજાર એકવીની સાલમાં ગાયેલ વરવાળે ગામ છે રે
બાલ પાલૂ માત કાંઇ નવ જાણે મને વ્હાલ તમારું નામ છે રે

રામદેવજી હું છું તમારો દાસજી
હું છું તમારો દાસ દયાળા
ને વાલા મને રાખો ચરણોની પાસ

વાર નજાણું વ્રત નજાણું નવ કરું ઉપવાસજી
જૂઠો ભલે મને ગાંડો ગણે
ને હું તો સમરું શ્વાસે શ્વાસ
રામદેવજી હું છું તમારો દાસજી

કાળ દેવો ક્રોધી ગણાવો લોભે ચઢી દીધી લાશજી
હનુવાળીયો સેવક તમારો
જેણે છોડ્યા ગામને ઠાકાર
રામદેવજી હું છું તમારો દાસજી

મોહ દેવો માયાનું હવે લોભે ચઢી દીધી લાશજી
તમારી ભક્તોને એ ચારેય ઘેરીઈ
ને એનો કરો તમે હવે નાશ
રામદેવજી હું છું તમારો દાસજી

જગત આખું તમને જપે, ધૂપ જ્યાં વતનના છૂટે છે સુવાસ
જ્યોતને ચાહે જાણજો અજમલરા ભોમ
છે તમે પૂરો ભક્તોની બધી આશ
રામદેવજી હું છું તમારો દાસજી

ભાગી લખી વાલા વાગત છે એ
ભક્તિમાં છે જો ભાસજી
વિપૂ ચાહુની વિનતી છે એક
ને હું દાસ છું તમારો ખાસ
રામદેવજી હું છું તમારો દાસજી



પૂ. શ્રી પાલુ મહારાજ પુજારી

અમૃતવાણી

સંત ઓર પારસ મેં બડા અંતર જાન
પારસ લોહ કંચન કરે, સંત કરે આપ સમાન

સંતની દયા વિના પ્રભુભજવાની વેળા
કદી મળતી નથી.

સંતોના આશિર્વાદ થી આત્માના

અંધકારના પડદા ખુલી જાય છે.

કામ કરે કમાણી કરે ભેળુ કરે જે ધન

પ્રભુથી અળગો રહે સદા સ્મશાન સમજો મન

કૌશિક પ્રીન્ટર્સ

એમ. જી. રોડ, બોરીવલી [ઇસ્ટ], મુંબઇ–૪૦૦ ૦૬૬.